Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીજૈન સત્ય પ્રકાશ

વર્ષ ૮ : ક્રમાંક ૯૩ : અંક ૯

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

वर्ष ८ अंक ९	विक्रम सं. २००० : वीरनि. सं. २४६९ : ईस्वीसन १९४३ जेठ शुदि १२ : मंगळवार : जुन १५	क्रमांक ९३

विषय – दर्शन

१	सिद्धहेमकुमार संवत्	: पू. मु. म श्री. पुण्यविजयजी	: २५९
२	जिनेन्द्र-टूंकना अनुसंधानमां	: पू मु. म. श्री. न्यायविजयजी	: २६२
३	भारतवर्षके बाहर जैनधर्म	: श्री डॉ. बनारसीदासजी जैन	: २६५
४	जैसलमेर	: श्री. साराभाई मणिलाल नवाब	: २६८
५	निह्नववाद	: पू. मु. म श्री. धुरंधरविजयजी	: २७३
६	मूर्ति और नाम दोनों मंजूर होने चाहिए	: पू. मु. म. श्रीविक्रमविजयजी	: २७७
७	प्रवचन-प्रश्नमाला	: पू. आ. म. श्री. विजयपद्मसूरिजी	: २८०
८	श्रीपालचंद्रसूरिकृत वस्तुपाल-तेजपाल रास	: पू. मु. म. श्री. जयंतविजयजी	: २८३
९	कुछ शब्दों पर विचार	: श्री. मूलराजजी जैन	: २८९

नवी मदद, स्वीकार. २९० नी सामे

सूचना–આ માસિક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તેથી સરનામાના ફેરફારના અખર બારમી તારીખે સમિતિના કાર્યાલયે પહોંચાડવા.

લવાજમ—વાર્ષિક-બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

મુદ્રક : નરોત્તમ હ. પંડ્યા; પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ; પ્રકાશનસ્થાન શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ, મુદ્રણસ્થાન : સુભાષ પ્રિન્ટરી, મીરજાપુર રોડ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ वीराय नित्यं नमः ॥

શ્રી જૈનસત્યપ્રકાશ

વર્ષ ૮ ક્રમાંક ૯૩ અંક ૯

સિદ્ધહેમકુમાર સંવત્

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજી

[પૂ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના પ્રશિષ્ય]

"ભારતીય પ્રાચીન લિપિમાલા"માં આજ સુધીમાં પ્રચલિત થયેલ વૈદિકસંવત્, કલિયુગસંવત્, વીરસંવત્, વિક્રમસંવત્, શાલિવાહન-શકસંવત્, ગુપ્તસંવત્, સિંહસંવત્ વગેરે અનેકાનેક સંવતોનો પરિચય કરાવવામાં આવ્યો છે. જે પૈકીના ઘણાખરા સંવતો તો આજે જનતાના સ્મૃતિપટ પરથી ભૂંસાઈ ગયા છે. માત્ર વીરસંવત્, વિક્રમસંવત્, શાલિવાહન શક-સંવત્ જેવા ગણતરીના જ સંવતો જનતામાં એકધારી રીતે આદરપાત્ર રહ્યા છે. તેમ છતાં એટલી વાત તો ચોક્કસ જ છે કે—જે જે વ્યક્તિઓના નામના સંવતો ચાલુ થયા હશે-છે તેમના પ્રત્યે કોઈ ખાસ કારણને લઈને જ જનતાનો પક્ષપાત બંધાયો હશે અને તે તે સંવતો તેમના અનુયાયીઓની વિદ્યમાનતા પર્યંત ચાલીને છેવટે ભૂંસાઈ ગયા હશે. એ બધું ગમે તેમ હો તે છતાં સંવતોની ઉત્પત્તિએ ઇતિહાસમાં મોટામાં મોટું સ્થાન પ્રાપ્ત કર્યું છે એટલે એ સંવતો કોના કોના નામે અને ક્યારે ક્યારે ચાલુ થયા છે એને લગતી ભૌલિક હકીકતોને શોધવા અને મેળવવા પાછળ વિદ્વાનોએ અતિ ઝીણવટ-ભરી રીતે પ્રયત્ન અને શ્રમ સેવ્યા છે. આજના આ સંક્ષિપ્ત લેખમાં એવા જ એક વિશિષ્ટ સંવતનો પરિચય કરાવવામાં આવે છે, જેનું નામ સિદ્ધહેમકુમાર સંવત્ છે. આ સંવતનો ઉલ્લેખ ક્યાંથી મળ્યો છે એને લગતો પરિચય આપ્યા પછી સંવતના અંગે વિચાર કરવામાં આવશે.

ઉપર જણાવેલ 'સિદ્ધ-હેમ-કુમાર' સંવતનો ઉલ્લેખ ગિરિરાજ શ્રીશત્રુંજયના શિખર ઉપરની ચોમુખજીની ટૂંકના મૂળ મંદિરના મુખ્ય દરવાજાની ડાબી બાજુના મંદિરમાં રહેલ એક ધાતુની પ્રતિમા ઉપરના લેખમાંથી મળી આવ્યો છે. એ લેખ આખો અહીં આપવામાં આવે છેઃ

श्रीसिद्धहेमकुमार सं ४ वैशाष व २ गुरौ भीमपल्ली सत्क व्यव० हरिश्चंद्र भार्या गुणदेवि श्रेयोर्थं श्रीशांतिनाथबिंबं कारितं ॥

ઉપર આપેલ ધાતુપ્રતિમાલેખમાં કોઇ ખાસ મહત્ત્વનો ઐતિહાસિક ઉલ્લેખ નથી. તેમ નથી એ લેખમાં પ્રતિષ્ઠા કરાવનાર આચાર્યાદિના નામનો ઉલ્લેખ. તેમ છતાં આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતિસંક્ષિપ્ત પ્રતિમાલેખ તેમાં મળતા શ્રીસિદ્ધહેમકુમાર સં ૪ એટલા ઉલ્લેખને પરિણામે અતિગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી લે છે કે જે સંવતનો ઉલ્લેખ આજ સુધી ક્યાંય જોવામાં કે નોંધવામાં આવ્યો નથી.

પ્રસ્તુત પ્રતિમાલેખમાં તેની પ્રતિષ્ઠા કરાવનાર આચાર્યાદિના નામનો ઉલ્લેખ નથી એટલે પ્રસ્તુત સંવત્ કયારે ચાલ્યો હશે ? એ સંવત્ ચલાવવા પ્રત્યે કોનો સવિશેષ પક્ષપાત હશે ? તેમજ એ સંવત ચલાવનાર અનુયાયીવર્ગ સબળ કે નિર્બળ હશે ઇત્યાદિ હકીકતોનું આપણે માત્ર અનુમાન જ કરવાનું રહે છે.

પ્રસ્તુત પ્રતિમાલેખમાં મળતા શ્રીસિદ્ધ-હેમ-કુમાર સંવતમાં ગૂજરાતની મહાવિભૂતિ-સ્વરૂપ ત્રણ વ્યક્તિઓનાં નામનો સમાવેશ થાય છે. એક ગૂર્જરેશ્વર મહારાજ શ્રીસિદ્ધરાજ જયસિંહદેવના નામનો, બીજો કલિકાલસર્વજ્ઞ સ્યાદ્વાદવિદ્યાનમૂર્તિ ગૂર્જરેશ્વરયુગલના મિત્ર અને ગુરુ આચાર્યપ્રવર શ્રીહેમચંદ્રસૂરિના નામનો અને ત્રીજો ગુર્જરેશ્વર પરમાર્હત મહારાજ શ્રીકુમારપાલદેવના નામનો. આ રીતે ગૂજરાતની મહાપ્રભાવસંપન્ન આ ત્રણ વિભૂતિઓનાં નામના આદ્ય આદ્ય અંશના સંકલનદ્વારા પ્રસ્તુત સંવતને ઉત્પન્ન કરવામાં આવ્યો છે એમાં લેશ પણ શંકાને સ્થાન નથી.

આ સંવતની ઉત્પત્તિ વ્યવસ્થિત રીતે થઇ હોય તેમ માનવાને આપણા સમક્ષ અત્યારે એક પણ પ્રમાણ કે સાધન નથી. એ દશામાં આપણે એટલું જ માનવું જોઇએ કે પ્રસ્તુત ધાતુપ્રતિમાલેખમાં મળતો **શ્રીસિદ્ધહેમકુમાર** સંવતનો ઉલ્લેખ ભગવાન્ શ્રીહેમચંદ્ર પ્રત્યે અતિબહુમાનની લાગણી ધરાવનાર કોઈ વ્યક્તિએ કર્યો છે. અને એ ઉલ્લેખ મારી સમજ પ્રમાણે ત્રણે મહાત્માઓના સ્વર્ગવાસ પછી જ થયો હશે.

પ્રસ્તુત સંવત ચલાવવા પાછળ કોઈ સબળ વ્યક્તિઓનો હાથ દેખાતો નથી. નહિ તો એ સંવતનો ઉલ્લેખ કેટલાક ગ્રંથોની પ્રશસ્તિઓમાં અને પુષ્પિકામાં તેમજ કેટલાક પ્રાચીન શિલાલેખોમાં જરૂર આપણને મળી શકત. પરંતુ હજુ સુધી ક્યાંય પણ એ સંવતનો ઉલ્લેખ વિદ્વાનોની નજરે ચઢ્યો નથી. ફક્ત કોઈ મહાનુભાવના હૃદયમાં ગૂજરાતની આ વિભૂતિઓ પ્રત્યે ભક્તિ ઊભરાઇ આવી હશે જેને પરિણામે એણે આટલો ઉલ્લેખ કરી પોતાની કર્ત્તવ્યપરાયણતા રજૂ કરી પોતાની જાતને ધન્ય અને કૃતકૃત્ય કરી છે. એ સિવાય વિશેષ કશું લાગતું નથી. નહિતર આજના અમુક વર્ગે જ ચલાવેલા આત્મસંવત્ અને ધર્મસંવત્ જેવા સંવતો પણ અમુક વર્ષ પર્યંત ચાલુ રહેશે અને એના ઉલ્લેખો અમુક અમુક સ્થાનોમાં ઉલ્લિખિત મળશે, જ્યારે ગૂજરાતની ત્રણ સમર્થ મહા-વિભૂતિઓના નામથી વિભૂષિત પ્રસ્તુત **સિદ્ધહેમકુમાર** સંવત્ પાછળ સબળ તો શું પણ ઉપર જણાવ્યા મુજબનો આત્મસંવત્ અને ધર્મસંવતના અનુયાયી વર્ગ જેવો સામાન્ય વર્ગ પણ હશે કે કેમ એ કહેવું કે સમજવું મુશ્કેલ નથી.

અસ્તુ, પ્રસ્તુત "સિદ્ધ-હેમ-કુમાર" સંવત્ પાછળ સબળ વ્યક્તિઓનો હાથ હો અગર ન હો, અથવા એને સબળ વ્યક્તિઓએ કદાચ (?) ટેકો ન પણ આપ્યો હોય; તેમ છતાં આપણે સૌએ આનંદ જ મનાવવો જોઇએ કે—તે જમાનામાં એવી કોઇ વ્યક્તિઓ હતી જ કે જેમને એમ લાગ્યું હતું કે ગૂજરાતની આ ત્રણ મહાપ્રભાવક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવિભૂતિઓની યાદગારીની નિશાની તરીકે તેમના નામનો સંવત્ જરૂર ચાલવો જોઈએ અને તે માટે પ્રયત્ન પણ કર્યો. ખરે જ તે યુગની જનતાએ એકમત થઈ આ મહાવિભૂતિઓની યાદગારીમાં સંવત્ ચલાવ્યો હોત તો આજે ગૂજરાત અને ગૂજરાતની પ્રજા જગતની નજરે સવિશેષ ગૌરવવંતી લેખાત.

અંતમાં આ ઠેકાણે જૈનપ્રજાનું અને ખાસ કરી અત્યારે **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી**નું એક વસ્તુ તરફ ભારપૂર્વક લક્ષ્ય દોરવું. ઉચિત માનું છું કે આપણે ત્યાં મહત્ત્વની વસ્તુઓના સંરક્ષણ અને સાચવણી તરફ જે લક્ષ્ય હોવું જોઈએ તે રાખવામાં નથી આવતું. એટલે અહીં હું પેઢીના કાર્યકર્તાઓને ભારપૂર્વક જણાવું છું કે—ચોમુખજીની ટૂંકમાં રહેલી આ ગૌરવવંતી ધાતુની પ્રતિમાને એવા સ્થાનમાં રાખવામાં આવે કે જ્યાંથી એ પ્રતિમા,—જેમ વિમલવસીમાંથી **પાજનો લેખ** ગૂમ થયો તેમજ વિમલશાના મંદિરમાંથી **અજબ કારીગરીવાળી ધાતુની પ્રતિમા** ઉપડી ગઇ તેમ,—ગૂમ ન થાય. ખરે જ મને તો આ પ્રતિમા જોઇને એને ચોરી લઈ કોઈ યોગ્ય સ્થાનમાં મૂકવાનું જ મન થયું હતું. પણ સાચે જ કોઈ ઐતિહાસિક વસ્તુઓના વ્યાપારીને હાથે એ પ્રતિમા ચઢી ન જાય એ માટે શેઠ આ. ક. પે.ના કાર્યકર્તાઓએ ધ્યાનપૂર્વક વ્યવસ્થા કરવી ઘટે.

કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગ સુંદર

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

૧૪"×૧૦" સાઇઝ : આર્ટકાર્ડ ઉપર ત્રિરંગી છપાઇ : સોનેરી બૉર્ડર : મૂલ્ય—**ચાર** આના (ટપાલ ખર્ચનો દોઢ આનો જુદો.)

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ

જેશિંગભાઈની વાડી : ઘીકાંટા, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનેન્દ્ર-ટૂંકના અનુસંધાનમાં

[સિહોરની ટેકરી ઉપરના એક ધ્વસ્ત દેવસ્થાનનો પરિચય]

લેખકઃ-પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી

"શ્રી જૈન સત્ય પ્રકાશ"ના ગયા અંકમાં-ક્રમાંક ૯૨માં આપણે જિનેંદ્ર ટૂંકનો પરિચય જાણ્યો. ત્યારપછી તેજ ટૂંકના અનુકરણરૂપે શિહોરમાં પણ જિનેંદ્ર-ટૂંક કહી શકાય તેવું સ્થાન છે, તેનો પરિચય અહીં આપ્યો છે.

શિહોર ભાવનગર રાજ્યનું પ્રાચીન રાજધાનીનું શહેર છે. ચોતરફ ગિરિશૃંગોથી આચ્છાદિત આ પ્રાચીન નગરીનો ઇતિહાસ પણ બહુ જાણવા જેવો છે. શિહોરના પ્રાચીન ઇતિહાસ સંબંધી બે ત્રણ પુસ્તકો પ્રકાશમાં આવ્યાં છે, પણ એમાં લેખકોએ પોતાની જ્ઞાતિની પ્રાચીનતા અને વૈભવ માટે જ પાનાં ભર્યાં છે. તેમાં વાસ્તવિક રીતે શિહોરના ઇતિહાસને સ્પર્શતી માહીતી બહુ જ અલ્પ પ્રમાણમાં આપી છે.

વર્ષાઋતુમાં મુશલધાર વરસાદથી ધોવાઇને એ પહાડોમાંથી પ્રાચીન સિક્કાઓ નીકળી આવે છે, જેનો સંગ્રહ ત્યાંની લાયબ્રેરીમાં અને એક જૈન ગૃહસ્થને ત્યાં છે. અમારી ત્રિપુટીએ થોડા દિવસના ત્યાંના સ્થિરવાસ દરમ્યાનમાં કેટલીએક જાણવા જેવી વિગતો મેળવી છે જે યથાસમય શૃંખલાબદ્ધ ગોઠવીને રજુ કરાશે. અત્યારે તો માત્ર તીર્થાધિરાજ શત્રુંજય ઉપરની જિનેંદ્ર-ટૂંકના અનુસંધાનરૂપ એક દેરી માટે જ આ લેખ લખું છું.

અહીં એક **મરૂદેવાટૂંક** હતી. એ ટેકરી ઉપર અમે ખાસ નવું જાણવા અને મેળવવા ગયા હતા. એક વખતનું પ્રાચીન જૈન તીર્થસ્થાન જેવું ગણાતું આ સ્થાન આજે જૈનત્વના નામનિશાન વિનાનું થઈ ગયું છે. ભૂમિની સ્પર્શના જરૂર થઇ, પરન્તુ જૈનત્વના પવિત્ર વાતાવરણ વિહોણા આ સ્થાને અમને બહુ આહ્લાદ ન ઉપજાવ્યો. ટેકરી ઉપરથી નજર ફેંકતાં ચોતરફ નાના નાના અનેક પહાડો, શિહોરનગર, દૂર દૂર પવિત્ર સિદ્ધગિરિ, એક બાજુ સોનગઢ, ચોગઠની ટેકરીઓ, સામી બાજુ ભાવનગરનો દરિયો, વચમાં વરતેજ વગેરે સ્થાનો સાફ નજરે પડતાં હતાં. ઉપર દેરીમાં એક પ્રાચીન શિલાલેખ હોવાનું અમે સાંભળ્યું હતું, પરન્તુ અત્યારે એ શિલાલેખનું નામનિશાને અમને ત્યાં હાથ ન આવ્યું. આમાં મુખ્યતઃ જૈન સંઘની બેદરકારી અને અજૈનોની ઇર્ષ્યા એ જ કારણ જણાયું. એકાદ પથ્થર એવો દેખવામાં આવ્યો જે જિનમંદિરનો હોય. અહીંના શ્રી સંઘના કથન મુજબ એક પૂજ્ય સમર્થ સૂરિપુંગવે અહીં વચ્ચેના ચોગાનમાં સુંદર જિનમંદિર બંધાવવાની વાત મૂકેલ, પણ એમાં અનેક કારણોથી સફલતા ન મળી. મારું પોતાનું તો દૃઢ મન્તવ્ય છે કે એમાં સફલતા મળી હોત તો એક પ્રાચીન જૈનતીર્થ નષ્ટ થતું બચી જાત. હજીયે અનુકુલતાએ જરૂર લક્ષ્ય આપવા જેવું છે.

મરુદેવા ટૂંકની લગભગ સામે જ, સાત સેરી-(શાન્તિશ્રી અથવા શાંતિસૂરિ) નામની ટેકરી છે. આ સાતસેરી એ વાસ્તવિક નામ નથી લાગતું, કાંતો શાંન્તિનાથ ટેકરી અથવા શાન્તિસૂરિ ટેકરી ઉપડથી ફરતું ફરતું ભ્રષ્ટ રૂપ **સાતસેરી** થઇ ગયું લાગે છે. આ ટેકરીના ઊંચેના શિખર ઉપર એક ૧૬ થાંભલાની નકસીદાર છત્રી છે. ચોતરફ ખુલ્લા આ શિખર ઉપર પવન એવો સણત ફૂંકાય છે કે સાચવીને જ ત્યાં ઊભું રહેવું પડે. ઉપરનો ચઢાવ પણ મુશ્કેલ છે. કયાંયથી ઉપર ચઢવાનો રસ્તો જ સાફ નથી. દૂરસુદૂર દેખાતો પવિત્ર સિદ્ધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચલ અહીંથી બહુ જ સાફ દેખાય છે. અહીં છત્રીમાં તો અત્યારે કશુંયે નથી. વચ્ચે કોઇ અર્થદાસે અર્થની લાલસાએ ખાડા ખોદ્યા છે. ઉપરનું શિખર ટૂટી ગયું છે. ટેકરીના પૂર્વ તરફના ઢોળાણમાં દેવીઓ (વિદ્યાદેવીઓ જેવી)ની ચાર દેરીઓ છે. તેમાં એક દેવીની નીચે સં. ૧૧૦૬ (૧૫૮૬)નો લેખ છે. દેવીઓ કંઇક ખંડિત-અખંડિત છે. દેરીઓ ખંડિત છે અને ઘણીખરી દટાયેલી છે. દેવીઓનાં આસનો દબાયેલાં છે. કહે છે કે વર્ષાદથી ધોવાઇ ધોવાઇને માટી ખસી જવાથી આ દેરીઓ અને દેવીઓ દેખાવા માંડી છે. અહીં વિશેષ ખોદકામ થાય તો ઘણું પ્રાચીન સ્થાપત્ય મળી આવે ખરું. ટેકરીની શરૂઆતમાં એક સુખનાથ મહાદેવનું મંદિર અને ત્યાંથી આગળ જતાં **જિનેન્દ્રટૂંક**વાળો વિભાગ આવે છે.

પહેલી વાર જ્યારે અમે અહીં આવ્યા ત્યારે અમારી ત્રિપુટી અને સાથે સુપ્રસિદ્ધ વિદ્વાન સાહિત્યપ્રેમી પૂ. મુનિમહારાજ શ્રીપુણ્યવિજયજી મહારાજ આદિ હતા. ગરમીની ઋતુ છતાંયે મેઘરાજા પણ સાથે જ આવ્યા હતા. શિલાલેખ વગેરે લઇને અમે ઉપર જવાનો વિચાર કરતા હતા ત્યાં તો મેઘરાજાએ પોતાનું કામ શરૂ કર્યું અને અમને અર્ધો કલાક વિશ્રાંતિ લેવા બેસવું પડયું. પુનઃ ચૈત્રી પૂર્ણિમાએ શિહોરના શ્રીસંઘ સાથે અહીં શ્રીસિદ્ધગિરિરાજનાં દર્શનાર્થે આવવું થયું. પ્રાતઃકાલનો સમય હતો. દૂર સુદૂર ગિરિરાજનાં શિખરોનું દર્શન થતુ હતું. બધાએ ભક્તિભાવથી ચૈત્યવંદનાદિ કર્યાં સિદ્ધગિરિરાજ જાણે આપણી સન્મુખ જ હોય, અમે બધા ચઢતા હોઇએ, અને જાણે દાદાનાં દર્શન થયાં, મંજુલ સ્વરે ભક્તિથી ગવાતાં સ્તવનો સંભળાતાં હોય એમ બધાને લાગતું. આ દેરી માટે જૈન સંઘને અને અજૈનોને કંઇક ઝઘડો પણ થયેલો, પરંતુ ફેંસલો જૈન સંઘના લાભમાં જ થયો છે. અહીંથી નવો રસ્તો પણ નીકળી શકે તેમ છે. તેમજ શ્રીજૈનસંઘ ધારે તો આ સ્થાનનો ઉદ્ધાર પણ કરી શકે છે. પણ એક તો અહીંનો આપસનો કુસંપ, અનૈક્ય અને આને અંગે જ ઉત્સાહનો અભાવ, ત્યાં આપણે વધુ આશા રાખીએ એ તો મૃગજળ પાછળ દોડવા જેવું જ લાગે છે. બીજું આર્થિક ઝંઝાવતનો પ્રશ્ન પણ એટલો જ વિકટ છે. બાકી અહીંનો શ્રીસંઘ એક થઈ પ્રયત્ન કરે તો મરુદેવા-ટૂંક, અને આ સાતસેરી-શાંતિનાથજીની ટૂંકનો પણ ઉદય કરી શકે એમાં સંદેહને સ્થાન નથી. અહીંનો શ્રીસંઘ ચૈત્રી, કાર્તિકી પૂર્ણિમાના દિવસોએ, તેમજ બીજા પણ મોટા પર્વના દિવસોએ વાજે ગાજેથી આ સાતસેરી ટેકરીની જિનેંદ્ર-ટૂંકે આવે છે અને સામે જ દેખાતા સિદ્ધિગિરિનાં દર્શન-સ્તવન કરે છે. દેરીની વ્યવસ્થા-પૂજા તથા રક્ષા આદિની સંપૂર્ણ સત્તા જૈન સંઘની જ છે. દેરીની આસપાસ સુંદર પરથાર છે અને આજુબાજુ કિલ્લા જેવું છે. સુખનાથ મહાદેવવાળા સ્થાનમાંથી રસ્તો છે અને કિલ્લામાં બારી—નાનો દરવાજો છે ત્યાંથી અહીં અવાય છે. રસ્તો જાહેર છે. ગમે ત્યારે આવો જાઓ તો રોક ટોક નથી.

હવે આપણે શિલાલેખ જોઇ લઇએ. દેરીમાં પબાસન ઉપર એક અને પબાસન નીચે બે-એમ ત્રણ પાદુકાઓ છે. આ ત્રણે પાદુકાઓ ઉપર વચમાં પાદુકા અને ચારે તરફ લેખ એવી ગોઠવણી છે. એ ત્રણે લેખો આ પ્રમાણે છેઃ—

પબાસન ઉપરની પાદુકા ઉપરનો લેખ—

संवत १९१२ना मासोत्तममासे शुक्लपक्षे काकति सुद ६ वार गुरु दादाजी विजयजिनेंद(द्र) सूरिपादुका ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પબાસન નીચેની જમણી તરફની પાદુકા ઉપરનો લેખ—

સંવત ૧૯૧૨ના માસોત્તમમાસે શુક્લપક્ષે કાકતિ સુદ ૬ પં. શ્રી....વિજયજી તસ્ય પાદુકા ભરાપિતં ॥

પબાસન નીચેની ડાબી તરફની પાદુકા ઉપરનો લેખ—

પં. કલ્યાણકુશલાનાં ઉપદેશાત્ સાધવી શ્રીનાનશ્રીજીઈ પાદુકા ભરાપિતં શુભં ભવતુ ।

આ ત્રણ પાદુકાઓમાં એક તો તપાગચ્છીય ભટ્ટારક શ્રીપૂજ્ય જિનેંદ્રસૂરિની પાદુકા છે. શ્રીજિનેંદ્રસૂરિજીનો પરિચય સુપ્રસિદ્ધ ભક્તકવિરાજ શ્રીવીરવિજયજી મહારાજ ચોસઠપ્રકારી પૂજાના કલશમાં આ પ્રમાણે આપે છે "વિજયજિનેંદ્રસૂરીશ્વર-રાજ્યે, તપગચ્છ કેરો રાયો." જિનેંદ્ર-ટૂંકના શિલાલેખોના આધારે ભટ્ટારક શ્રીવિજય-ધર્મસૂરિજીના પટ્ટપ્રભાવક શ્રીવિજયજિનેંદ્રસૂરિ થયા છે. તેમના પટ્ટપ્રભાવક વિજયદેવેંદ્રસૂરિજી થયા છે. તેમની વિદ્યમાનતામાં શ્રીવીરવિજયજી મહારાજે બીજી પૂજાઓ બનાવેલી છે.

આ સિવાય ભાવનગર સ્ટેટનો રાજમહેલ પણ જોવા જેવો છે. તેમાં કેટલાંક પ્રાચીન ચિત્રો કલાની દૃષ્ટિએ જોવાજેવાં છે. બહાર નીકળતાં દરવાજાની અંદર જ એક મહાદેવજીના મંદિરની બહાર જૈન મૂર્તિના પરિકરના કેટલાક ખંડિત ભાગો ત્યાં હતા. એક ભાગ ઉપર ચંદ્રગચ્છ સાફ વંચાતું હતું. તેરમી-ચૌદમી સદીનો લેખ હતો. પરિકરના નીચેના ભાગના ત્રણ ટુકડા હતા. આ બધું જલદી જલદી જોઈ અમે ઉપાશ્રયે આવ્યા.

શિહોરમાં સુંદર જિનમંદિર છે. એક મંદિરમાં જ બે વિભાગમાં બે મંદિરો છે. એકમાં મૂલનાયક શ્રીસુપાર્શ્વનાથજી છે, અને બીજા વિભાગમાં શ્રીઅજિતનાથજી પ્રભુ મૂલનાયક છે. મંદિર ભવ્ય અને દર્શનીય છે. મૂર્તિઓ પ્રાચીન અને મનોહર છે. શ્રીસુપાર્શ્વનાથજી ભગવાનના મંદિરની બહાર સીડી પાસે ઉપર એક નાની દેરી છે, તેમાં પણ એક પાદુકા છે. લેખ છે. લેખ લીધો છે, પણ તેની નકલ અહીં નથી એટલે નથી આપ્યો.

શ્રી અજિતનાથજીના મંદિરના નીચે વ્યાખ્યાનશાળા છે. તેમાં પેસતાં સામે જ તપોગચ્છાધિપતિ શ્રીમૂલચંદજી મહારાજ (મુક્તિવિજયજી ગણિ) ની સુંદર મૂર્તિ છે ખુણામાં ડાબી બાજુ શ્રીમાણીભદ્રજી છે જે ચમત્કારી અને પ્રાચીન છે. અહીં યતિઓની ગાદી છે-હતી. બીજું નાનું ઘરમંદિર છે જેનો જીર્ણોદ્ધાર ચાલે છે. ઉપાશ્રય-ધર્મશાળાની બધી સગવડ છે. સ્ટેશન પર ભાવનગરવાળા સદ્ગૃહસ્થોએ બંધાવેલી વિશાળ જૈન ધર્મશાળા છે. અહીં ઉતરનાર યાત્રિકોએ શિહોરના મંદિરનાં દર્શન જરૂર કરવાં. પાલીતાણા જનાર દરેક યાત્રિકને શિહોર ગાડી બદલવી પડે છે. સમય મળે તેમણે જરૂર લાભ લેવા જેવું છે. શિહોર ઉપર ખાસ તપગચ્છાધિરાજ શ્રીમૂલચંદ્રજી મહારાજનો ધર્મોપકાર હોવાથી પાઠશાળા વગેરે પણ તેમના નામથી ચાલે છે. શિહોર ખાસ તેમનું ક્ષેત્ર કહેવાય છે. શિહોરની ધર્મભાવના પણ સારી છે. પણ આજે તેમાં જે અનૈક્ય-અપ્રેમ અને સંપનો અભાવ જોવાય છે તે નિકળી જાય તો તેની પ્રાચીન કારકીર્દી શોભે તેમાં સંદેહ નથી. શાસનદેવ **સર્વને સદ્બુદ્ધિ અર્પો એ જ શુભેચ્છા !**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भारतवर्षके बाहर जैनधर्म

लेखकः—श्रीमान् डॉ. बनारसीदासजी जैन M. A. Ph. D. लाहौर

यद्यपि जैन और बौद्ध धर्म दोनों ही श्रमण संस्कृतिके भेद हैं, और इनके सिद्धान्त और आचरण भी आपसमें कुछ कुछ मिलते—जुलतेसे हैं, तथापि बौद्ध धर्म तो अपनी जन्मभूमि भारतको छोड़ कर दूर तक देश—देशान्तरोंमें फैल गया है, लेकिन जैनधर्म भारतवर्ष तक ही सीमित रहा है। इसका कारण यह प्रतीत होता है कि जैनधर्मके उपदेष्टा साधु—मुनिराजोंके जीवनके नियम बहुत कठोर होते थे और वे इन पर बड़ी दृढता से चलते थे। वे इनमें शैथिल्य न आने देते थे। ये नियम ऐसे कठिन थे कि विदेशमें इनका पालन करना बड़ा मुश्किल था। इस लिये जैनधर्मका प्रचार भारतके बाहर नहीं हो सका और न भारतके बाहर कोई जैन अवशेष ही मिले हैं। मगर फिर भी श्रावक लोग तो व्यापारके निमित्त देश—देशान्तरोंमें जाया करते थे और वहांके रहने वाले इनके संपर्कमें आते थे। संभव है कि इन श्रानकोंका कुछ न कुछ प्रभाव अन्य देशोंके किसी किसी व्यक्ति पर पड़ जाता होगा। ऐसे एक व्यक्ति हैं अबुल अला जो अरब देशके विख्यात दार्शनिक कवि थे। ये मुअर्रीके रहने वाले थे इस लिये अबुल अला मुअर्रीकेनामसे प्रसिद्ध हैं। इनका जीवन बड़ा निवृत्तिमय था। ये निरामिष आहार करते थे अर्थात् इनको मांस भक्षणका सर्वथा त्याग था। यहा तक कि ये दूध पीनेमें भी पाप समझते थे, क्योंकि दूध तो गाय भैंसके अपने बच्चों के लिये होता है। वे ऐसा दूध लेते थे जो गाय भैंसके बच्चोंके तृप्तिपूर्वक पीलेनेके पीछे बचे। इसी प्रकार वे मधु (शहद) का भी सेवन न करते थे, क्योंकि मधुको मक्खियां अपने लिये बनाती हैं। इसी हेतुसे अण्डे आदिका भी इन्हें परित्याग था। इनका भोजन और वस्त्र इतना सादा होता था कि दूसरा कोई पुरुष इसे खाना और पहिनना पसन्द न करे। वे चमड़ेका जूता पहिननेमें पाप समझते, इसलिये पैरोंमें लकड़ीकी खडाऊं डाला करते। वे जीवरक्षामें बड़े सावधान रहते थे। वे कपडेका प्रयोग बहुत थोडा करते, यहां तक कि नग्न रहना पसन्द करते थे। इनका जन्म सं. १०३० में और मृत्यु सं. १११५ में हुई।

इस प्रकारके निवृत्तिपरक और दयालु व्यक्तिका अरब जैसे अनार्य देशमें

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

होना आश्चर्यकी बात है । जर्मन विद्वान क्रेमर और ग्लाजनपका अनुमान है कि जैनधर्मके प्रभावके बिना इस प्रकारका जीवन संभव नहीं । अबुल अलाने अपनी आयुका अधिक भाग बग़दादमें व्यतीत किया । वहां बहुतसे जैन व्यापारी रहते थे । उनके संसर्गमें आकर अबुल अलाने मांसभक्षण आदिका परित्याग किया होगा और जीवों पर दया करना सीखा होगा ।[१]

अरबके अतिरिक्त चीनी तुर्किस्तानमें भी जैनधर्मके अस्तित्वका अनुमान किया गया है । एन. सी. महेताके आधार पर सी. जे. शाह लिखते हैं—"चीनी तुर्किस्तानके गुफा—मन्दिरोंमें जैन घटनाओंके भी चित्र बनाये जाने लगे थे" ।[२] एन सी. महेताके कथन का आधार है ए फ़ान ल. कोकका ग्रन्थ जिसमें मध्य एशियाके बौद्ध अवशेषोंका वर्णन है ।[३] इसके तीसरे भागमें एक चित्र (नं. ४) दिया है, और पृ. ३० पर उसके विषयमें लिखा है कि यह चित्र जैनधर्मकी दिगम्बर संप्रदायसे संबन्ध रखता है, जो इसकी दो मुख्य संप्रदायोंमेंसे एक है ।

यह चित्र २७ इंच ऊंचा और ८ इंच चौड़ा है । एक हज़ार बरस से अधिक पुराना है, और हरी—लाल भूमि पर नीले रंगसे बना है । इसका सिर खण्डित हो चुका है । चित्रित व्यक्ति अपने पादाग्रों पर खडा है जैसा कि नृत्य करते समय किया जाता है । दाईं टांग आगे लाकर बाईं ओर कर दी है । इससे पैरोंका व्यत्यय हो गया है अर्थात् दायां पैर बाईं ओर और बायां पैर दाईं ओर आ गया है । इसके कटि—प्रदेशमें मेखला के चिह्न भी दिखाई दे रहे हैं । सबसे विचित्र बात यह है कि चित्रित व्यक्ति बिलकुल नग्न है और उसके लिङ्गको वेधन करके उसमें धातुका मोटा छल्ला डाला हुआ है जैसा कि भारतके कई तपस्वी किया करते थे ।

अब उपर्युक्त वर्णन वाले इस चित्रको किसी प्रकार जैनधर्मसे संबन्धित

१. H. V. Glasenapp : **Der Jainismus,** Berlin, 1925. pp. 455-56.
२. Chimanlal J. Shah : **Jainism in northern India,** Bomby, 1932. p 194.
Nanalal Chamanlal Mehta : **Studies in Indian Painting,** Bombay, 1926. p. 2.
3. A. von Le Coq : **Die Buddhistische Spaetantike in mittelasien,** Band III **Die Wandmalereien,** Berlin, 1924.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नहीं कर सकते। अतः हम कह सकते हैं कि भारतसे बाहर अभीतक जैन-धर्मका कोई अवशेष नहीं मिला।

जबसे जैन लोग यूरोप और अमरीकामें जाने लगे हैं तबसे वहां भी कुछ व्यक्ति जैनधर्मको पालने वाले हो गये हैं। सं० १९५० में श्रीयुत् वीरचंद राघवजी गांधी "वर्ल्ड्ज़ कांग्रेस ऑफ़ रिलिजन्ज़" में, जो अमरीकाके चिकागो नगरमें भरी थी, जैनधर्मके प्रतिनिधि बन कर गये। कांग्रेसकी समाप्ति पर गांधीजीने अमरीकामें भ्रमण किया और वहां कई स्थानों पर जैनधर्मके विषयमें व्याख्यान दिये। अमरीकामें "गांधी फिलोसाफ़िकल सोसायटी" की स्थापना हुई। फिर सं० १९५२ में गांधीजी इंग्लैंड गये। वहां उनके संसर्गसे मि० हर्बर्ट वारनने जैनधर्म अङ्गीकार किया। सं० १९८२ में इन पंक्तियोंका लेखक भी इंग्लैंडमें था और दो तीन बार मि० वारनसे मिला। इनसे मिलकर बहुत आनन्द प्राप्त हुआ क्योंकि वारन महोदय बड़े भद्रप्रकृति हैं। इन्होंने जैनधर्म पर एक पुस्तक भी लिखा है। इन्होंने मांस और मदिराका सर्वथा परित्याग किया हुआ है। सं० १९७० में श्रीयुत जगमंदरलाल जैनीके उद्योगसे लंदनमे "महावीर ब्रदरहुड" और "जैन लिट्रेचर सोसायटी" की स्थापना हुई। कई बरस तक बा०चम्पतराय जैन यूरोपमें जैनधर्म पर लेकचर देते रहे। इस प्रयत्नका फल यह है कि हर्बट वारन के अतिरिक्त अलैग्जैंडर गार्डन, मिसिज एथल गार्डन, लूई डी सेन्टर आदि कई अंग्रेज व्यक्ति जैनधर्मको पालने वाले हो गये हैं।

चीन, जापान आदिकी जनताको जहां बौद्ध धर्मका इतना प्रचार है, जैनधर्मका परिचय करानेकी आवश्यकता है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સ્થાપત્યો અને જ્ઞાનમંદિરોથી સમૃદ્ધ રાજપુતાનાનું એક જૈન તીર્થ

જૈસલમેર

લેખકઃ—શ્રીયુત સારાભાઇ મણિલાલ નવાબ, અમદાવાદ.

(ગતાંકથી ચાલુ)

શ્રીશાંતિનાથજીના ગભારામાં મૂળનાયક તરીકે શ્રીશાંતિનાથ ભગવાનની સંવત્ ૧૫૩૬ ની સાલના લેખવાળી ધાતુની મોટી (પંચતીર્થ) મૂર્તિ બિરાજમાન છે, મૂળનાયકનો લેખ પાછળના ભાગમાં હોવાથી બરાબર વાંચી શકાતો નથી. મૂળનાયકની પલાંઠી પર નીચે પ્રમાણેના અક્ષરો વાંચી શકાય છેઃ—

॥ સં૦ ૧૫૩૬ વર્ષે ફા૦ સુ૦ [૩] દિને શ્રીશાંતિનાથ ॥

મૂળનાયકની મૂર્તિ ઉપરાંત બાકીની ત્રણે દિશાઓમાં એકેક જિનપ્રતિમા છે, અને આ ચારે જિનપ્રતિમાઓ, ફરતી સમવસરણની આકૃતિમાં બિરાજમાન છે. ખરેખર ગભારાની અંદરનું આ સમવસરણ પણ શિલ્પકલાનો સુંદર નમુનો છે. સમવસરણના ઉપરના ભાગમાં નાનું સરખું શિખર પણ છે. શિખરના ઉપરના ભાગમાં ઘુમટની છતમાં જુદી જુદી જાતનાં અપ્સરાનાં વાદ્યો સહિત નૃત્ય કરતાં બાર સ્વરૂપો છે અને તે બારે અપ્સરાનાં રૂપોની નીચે (૨) શ્રી સંભવનાથજીના દેરાસરની માફક જ બાર બીજાં જુદાં જુદાં ગાંધર્વોનાં સ્વરૂપો છે. આ છતનો ખાસ ફોટો લેવા જેવો છે.

મૂળનાયકના ગભરાની પાષાણની મૂર્તિઓ પૈકી બાર મૂર્તિઓપરના નાના નાના લેખો જે વાંચી શકાય તેવા છે તે આ પ્રમાણે છેઃ—

1. **જેતા પુણ્યાર્થે**
2. **સા૦ કીતા ભા૦ કરણી પુણ્યાર્થે**
3. **સા૦ સવા ભા૦ હસ્ત પુણ્યાર્થે**
4. **શ્રીશાંતિનાથ સા૦ મન્ના સા૦ દેવદત્ત**
5. **॥ સં૦ ૧૯૦૮ મિ। માઘ સુદિ**
6. **॥૮૦॥ સંવત ૧૫૩૬ શ્રીવિમલનાથ બિં [૦] શ્રીજિનચંદ્રસૂરિઃ ॥**
7. **સં૦ ૧૫૧૮ વર્ષે જ્યેષ્ટ વદિ ૪ સં૦ વિજા ભાર્યયા મૂરિ**
8. **શ્રીસુવિધિનાથ બિંબં કા૦ સા૦ સોનૂમલ**
9. **પરોખિ કાજા સા૦ પૂજા**
10. **શ્રા૦ અપૂ કારિત**
11. **શ્રા૦ કાન્હી**
12. **કુંપા ભા૦ કુપૂ પુણ્યાર્થે**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપરોક્ત બાર પ્રતિમાઓ સિવાય એક ચરણપાદુકા પણ છે અને તેના ઉપર નીચે પ્રમાણેનો લેખ છેઃ—

संवत् १५३६ वर्षे फा० सु० ५ दिने श्रीऊकेशवंशे संखवाल गोत्रे सा० आपमल्ल पुत्र सा० पेथा पुत्र सं० आसराज भार्या गेलमदे नाम्ना पुत्र सं० खेता पुत्र सं० वीदा नोडादि युतया श्रीआदिनाथपादुकायुग्म कारयामास। प्रतिष्ठितं श्रीखरतरगच्छे श्रीजिनभद्रसूरिपट्टे श्रीजिनचंद्रसूरिभिः॥ संवत् १५३६ वर्षे फागुणसुदि ३ श्री आदिनाथनी पादका बाई गेली कारितां

(૫) શ્રી અષ્ટાપદજીનું દેરાસરઃ—

આ દેરાસર ઉપરોક્ત (૪) શ્રી શાંતિનાથજીના દેરાસરની નીચેના ભાગમાં આવેલું છે. દેરાસરમાં પેસતાં ડાબા હાથ તરફથી ભમતી શરૂ થાય છે. ભમતીમાં ૭૩ પીળા પાષાણની, ૫ સફેદ આરસની અને ૧ કાળા પાષાણની મલીને કુલ ૭૯ નાની મોટી પાષાણની જિનપ્રતિમાઓ છે. આ દેરાસરના મૂળનાયકના બંને બાજુના મંડોવરોમાં સુંદર શિલ્પો કોતરેલાં છે. ભમતીમાંની કેટલીક મૂર્તિઓ પર નાના લેખો કોતરેલા છે, જે નીચે પ્રમાણે છેઃ—

૧. **सं. १५३६ व० फा० सु० ३ ऊकेशवंशे श्रे० रो.....प्र० जिनचंद्रसूरिभिः**
૨. **भा० मांणिक सिवदत श्रीशीतलनाथ**
૩. **प० गुणराज कारिता शिवराज**
૪ **श्रीअजितनाथ अमरीपुण्यार्थे**
૫. **सं ॥ १९२८ का मि। माघ सुदि १३ गुरौ श्रीमुनिसुव्रतजिनबिंबं .....प्र। भ। श्रीजिनमुक्तिसूरिभिः करापितं...**
૬. **॥ सं० १५३६ वर्षे फागुण सुदि ३ दिने श्रीवरहुडियागोत्रे सा० खीमा पुत्र सा० धरमा भार्या (2) मीडादेऊ पुत्र गढमल्ल धरमा नाम्ना निज भार्या पुण्यार्थे श्रीमहावीरबिंबं कारितं। प्रतिष्ठितं। श्रीबृह (3) श्रीरत्नाकरसूरिपट्टे श्रीमेरुप्रभसूरिभिः॥ शुभं॥**

ભમતીમાંથી ફરીને સભામંડપમાં અવાય છે. સભામંડપના ચાર થાંભલાઓની વચ્ચે વચ્ચે તોરણો આવેલાં છે. સભામંડપમાંથી ગભારામાં જતાં બહારની બાજુના ડાબા હાથ તરફ પીળા પાષાણની કાયોત્સર્ગસ્થ જિનપ્રતિમા, ૧ પીળા પાષાણની પદ્માસનસ્થ જિનમૂર્તિ, ૧ સફેદ આરસની મૂર્તિ તથા ૧ કાળા પાષાણની જિનપ્રતિમા આવેલી છે. આ બંને કાયોત્સર્ગસ્થ જિનપ્રતિમાઓને ફરતી બીજી અગિયાર અગિયાર જિનપ્રતિમાઓ છે. આ પ્રમાણે બંને મળીને ચોવીશી થાય છે. આ ચોવીશીના બંને કાઉસગીયાપર નીચે પ્રમાણે લેખ છેઃ—

(1) **संवत् १५८२ वर्षे फागुण वदि ६ दिने सोमवारे**
(2) **श्रीसुपासबिंबं कारितं सं० माला पुत्ररत्न सं० पूनसी**
(3) **केन पुत्रादि परिवारयुतेन स्वश्रेयसे प्रति [०]**

ગભારામાં પેસતાં જમણા હાથ તરફ બહારની બાજુ પીળા પાષાણની ૧ ચોવીશી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ સફેદ આરસની પદ્માસનસ્થ જિનમૂર્તિ, તથા ચાર પીળા પાષાણની પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ છે.

ગભારાની અંદરના ભાગમાં અનુક્રમે સાત, પાંચ, સાત અને પાંચ મળીને ચારે દિશામાં કુલ ૨૪ સફેદ આરસની જિનપ્રતિમાઓ છે તથા ૨ પીળા પાષાણની અને ૨ સફેદ આરસની મળીને કુલ ૪ ગુરુમૂર્તિઓ છે. આ દેરાસરના મૂળનાયક કુંથુનાથ ભગવાન છે, પરંતુ પરંપરાથી આ દેરાસર અષ્ટાપદજીના દેરાસરના નામથી પ્રસિદ્ધ હોવાથી મેં પણ તે જ નામ રાખ્યું છે; બાકી શાસ્ત્રીય દૃષ્ટિએ જોતાં ૨૪ જિનપ્રતિમાઓનો ક્રમ સાત, પાંચ છે તે બરાબર નથી, પરંતુ ચાર, આઠ, દસ અને બે એ પ્રમાણે ૨૪ જિનપ્રતિમાઓનો ક્રમ હોવો જોઈએ. ગભારાની અંદરની ભરતીમાં આપણા ડાબા હાથથી ગણતાં સૌથી પ્રથમ પીળા પાષાણની ચોવીસી આવે છે, જેની નીચે આ પ્રમાણેનો લેખ છેઃ—

॥૮૦॥ संवत् १५३६ वर्षे फागुण सुदि ३ दिने श्रीऊकेशवंशे श्रीसंखवालगोत्रे सा० मणगद पु० सा० जयता भार्या कपूराई श्राविकया कारि०प्रतिष्ठिता श्री खरतरगच्छे श्री जिनभद्रसूरिपट्टे श्रीजिनचंद्रसूरिभिः

ઉપરોક્ત ચોવીસીની જોડે બીજા નંબરે બાવન જિનેશ્વરનો પટ્ટ છે, જેની નીચે આ પ્રમાણે લેખ છે—

(1) **॥८०॥ संवत् १५३६ वर्षे फागुण सुदि ३ दिने श्रीऊकेशवंशे कूकडाचोपडागोत्रे सा० पांचा भा० रूपादे पु० सं० लाखण भा० लखमादे पु** [–]

(2) **प्यार्थं पुत्र सं० शिखरा सं० समरा सं० माला सं० मुहणा सं० सुहणा सं० कुरपाल सुश्रावकैः द्विपंचाशद्जिनालयपट्टिका कारिता प्रतिष्ठिता श्रीखरत** [–]

(3) **रगच्छे श्रीजिनभद्रसूरिपट्टालंकारे श्रीजिनचंद्रसूरिराजैः ततशिष्य श्रीजिनसमुद्रसहितैः ॥ श्रीजेसलमेरुमहादुर्गे ॥ श्रीदेवकर्णराज्ये ॥**

બાવન જિનેશ્વરના પટની પછી અનુક્રમે એક સફેદ આરસની તથા ચાર પીળા પાષાણની પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ છે, પછી બોંતેર જિનનો પીળા પાષાણનો પટ તથા પીળા પાષાણની ચોવીસીનો બીજો પટ આવેલો છે, જેની નીચે આ પ્રમાણે લેખ છેઃ—

(1) **सं० १५३६ फागुण सु० ३ सं० लाखण पुत्र सं० समरा भा०**

(2) **मेघाई पुण्यार्थं चतुर्विंशतिजिनपट्टः का० प्र० खरतरगच्छे श्रीजिनचंद्रसूरिभिः ॥**

ઉપરોક્ત ચોવીશ જિનના પટ પછી પીળા પાષાણની ૬ પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ છે, પછી અનુક્રમે ત્રીજો ચોવીશ જિનનો પટ તથા પીળા પાષાણની ૧૬ અને સફેદ આરસની બે પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ છે, અને ૧ ધાતુની પંચતીર્થ છે.

આ પ્રમાણે આ દેરાસરમાં કુલ બહારની ભમતીમાં ૭૯, ગભારાની ડાબી બાજુએ ૫, ગભારાની જમણી બાજુએ ૫, ગભારાની ભરતીમાં ૩૦ અને ગભારાના મૂલનાયકની ૨૪ મળીને કુલ ૧૪૩ પાષાણની જિનપ્રતિમાઓ, ૧ ધાતુની પંચતીર્થ, ૪ પાષાણની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરુમૂર્તિઓ, ૪ પાષાણની ચોવીશીઓ, ૬ બાવન જિનનો પાષાણનો પટ તથા ૧૭૨ જિનનો પાષાણનો પટ આવેલાં છે.

આ દેરાસરમાંથી બહાર નીકળીએ એટલે તેની લગોલગ યાત્રાળુઓને સ્નાન કરવાની વિશાળ જગ્યા આવે છે, જ્યાં બારે મહિના પૂજા કરવા માટે ઠંડા તથા ગરમ પાણીની સગવડ રાખવામાં આવે છે.

સ્નાન કરવાની ઓરડીની સામે જ અને શ્રીપાર્શ્વનાથજીના દેરાસરમાંથી બહાર નીકળતાં આપણા ડાબા હાથ તરફ અને કિલ્લા પરથી શ્રીપાર્શ્વનાથજીના દેરાસરમાં જતાં આપણા જમણા હાથ તરફ અનુક્રમે (૬) શ્રીઋષભદેવ ભગવાનનું તથા (૭) શ્રીચંદ્રપ્રભુ સ્વામીજીનું દેરાસર આવે છે.

(૬) શ્રીઋષભદેવ ભગવાનનું દેરાસરઃ—

આ દેરાસરના સભામંડપમાં બાર થાંભલાઓ છે. આ થાંભલાઓની વચ્ચે તોરણો નથી. ભમતીમાં આપણા ડાબા હાથ તરફથી જતાં પીળા પાષાણનો ગોતેર જિનનો પટ આવેલો છે, જેની નીચે આ પ્રમાણેનો લેખ છેઃ—

(1) **[सं] १५३६ वर्षे फागुण सुदि ५ दिने श्रीऊकेशवंशे गणधरगोत्रे सं० सद्धा भार्या भा० सिंगारदे पुत्र सं [देव–] सिंघेन पुत्र सा० रिणमा सा० भुणा सा० सहणा सा० महणा पौत्र**

(2) [–] **दा [सा०] मेघराज। जीवराज सहितेन भा० अमरी पुण्यार्थं पट्टिकाकारि प्रतिष्ठिता.....श्रीजिनचंद्रसूरिभिः ॥ शुभं ॥**

આ ચોવીસ જિનના પટ પછી બીજી ૩૯ નાની મોટી પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ આવેલી છે, પછી પીળા પાષાણનો મોટો એક સત્તરિસય પટ છે, પછી પાછી બીજી ૮ પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ આવેલી છે અને છેલ્લો ૭૨ જિનનો (અતીત, અનાગત અને વર્તમાન ચોવીશીઓનો) પીળા પાષાણનો પટ આવેલો છે. આ પ્રમાણે ભમતીમાં કુલ ૭૧ જિનપ્રતિમાઓ, બે ૭૨ જિનના પટ, ૧ વીશ વિહરમાનનો પટ, ૧ ચોવીશ જિનનો પટ અને ૧ પીળા પાષાણનો સત્તરિસય પટ આવેલાં છે. આ દેરાસરના શિખરના મંડોવરાનાં રૂપો ખાસ જોવા લાયક છે. ભમતીમાં આપણી જમણી બાજુના ગોટલાની કોર પર આ પ્રમાણે લેખ છેઃ—

संवत् १५२६ वरषै फागुण सुदि ५ दिने ऊकेशवंशे धाडीवार गोत्रे सं० रहीआ सं० देवलदे पुत्र

આ દેરાસરના મૂલનાયક શ્રી ઋષભદેવ ભગવાનના ગભારામાં પેસતાં ઉપરના બારસાખમાં મંગલમૂર્તિ તરીકે સફેદ આરસની પદ્માસનસ્થ ત્રણ સુંદર મૂર્તિઓ કોતરેલી છે. મૂળનાયકની આગળના ભાગમાં સુંદર સફેદ આરસનું તોરણ છે. તે શિલ્પકલાના સુંદર નમુના સમું છે અને તેમાં ૨૪ જિનપ્રતિમાઓ નાની નાની પદ્માસનસ્થ કોરેલી છે. આ તોરણનો ખાસ ફોટો લેવા લાયક છે. ગભારામાં મૂળનાયક સિવાય બીજી ૭ પદ્માસનસ્થ જિનમૂર્તિઓ તથા બે ઊભી કાયોત્સર્ગસ્થ પીળા પાષાણની જિનપ્રતિમાઓ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ ધાતુની પંચતીર્થી તથા નાની ચાંદીની ડબ્બીમાં કોતરેલી સુંદર ચાંદીની ૧ નાની જિનપ્રતિમા છે. આ પ્રમાણે ગભારામાં નાની મોટી કુલ ૧૨ જિનપ્રતિમાઓ બધી મળીને છે. મૂળનાયકના ગભારાને ફરતી ભીંતોના ગોખલામાં બીજી ત્રણ પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ છે. ગભારાને ફરતી ભમતીમાં બીજી ૫૬ જિનપ્રતિમાઓ તથા નીચેના ભાગમાંની બે મલીને કુલ ૫૮ જિનપ્રતિમાઓ ગભારાની બહારની ભમતીમાં છે. ગભારામાં પેસતાં બંને બાજુએ પીળા પાષાણની માનુષી આકારની ચક્રવર્તી ભરતની તથા ક્ષમાશીલ બાહુબલીજીની સુંદર મૂર્તિઓ કાયોત્સર્ગસ્થ મુદ્રાએ ઊભેલી છે, જે બંનેના ફોટા લેવા લાયક છે. વળી ગભારાની બહાર અને રંગમંડપમાં જમણી બાજુએ પીળા પાષાણના હાથી ઉપર આરૂઢ થએલાં મારુદેવી માતાની મૂર્તિ તથા ડાબી બાજુએ પીળા પાષાણનું સુંદર સમવસરણ આવેલું છે. આ બધા ભાવો બહુ જ સુંદર રીતે શિલ્પીએ પીળા જેસલમેરી પાષાણમાં ટાંકણાંથી ઉતારેલાં છે. સમવસરણમાં ચારે બાજુ એકેક ઋષભદેવ પ્રભુની જિનમૂર્તિ પદ્માસનસ્થ બિરાજમાન છે.

મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનનો લેખ પાછળ હોવાથી વાંચી શકાતો નથી. માત્ર સંવત્ અને તિથિ વંચાય છે, જે આ પ્રમાણે છેઃ

संवत् १५३६ वर्षे फागुण सुदि ५

મૂળનાયકની જમણી બાજુએ ઊભેલા કાઉસગીઆની નીચે આ પ્રમાણે લેખ છેઃ—

संवत् १५३६ वर्षे फागुण सुदि ५ दिने गणधरचोपडागोत्रे सं०

મૂળનાયકની ડાબી બાજુએ ઊભેલા કાઉસગીઆની નીચે આ પ્રમાણેનો લેખ છેઃ—

(1) ॥ **संवत् १५३६ फागु० सु० ५ दिने श्रीऊकेशवंशे गणधरगोत्रे सं०**
(2) **सच्चा पुत्र सं० धर्मा० भा० धारलदे पुत्र सं० लाखाकेन पु० रत्नायुते** [–]
(3) **न भा० लाछलदे पुण्यार्थं श्रीसुपार्सबिंबं कारितं प्रतिष्ठि** [–]
(4) **तं श्रीखरतरगच्छे श्रीजिनभद्रसूरिपट्टे श्रीजिनचंद्रसूरिभिः** ॥
(5) **श्रीजिनसमुद्रसूरिभिः**

આ બધા લેખો ઉપરથી આ દેરાસરની પ્રતિષ્ઠા સંવત્ ૧૫૩૬ના ફાગણ સુદિ ૫ ના થએલી હોય એમ લાગે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિહ્નવવાદ

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

(ગતાંકથી ચાલુ)

છઠ્ઠા નિહ્નવ શ્રી રોહગુપ્ત : ત્રૈરાશિક મતાગ્રહી : વૈશેષિકમતપ્રવર્તક

[૪]

" આ શ્યામવસ્ત્ર પહેરાવીને તિરસ્કારપૂર્વક કોને નગરપાર કરવામાં આવે છે ?" એક નાગરીકે અન્ય નાગરીકને પૂછ્યું.

" તમને ખબર નથી? રાજસભામાં ગઇ કાલે જૈન મુનિ સાથે પેલા પરિવ્રાજકને વાદ થયો હતો, તેમાં તે પરાજિત થયો ને તેને નગરપારની સજા થઇ."

" તે તો સભામાં ઉપદ્રવ મચાવતો હતો ને ? "

" હા, ઉપદ્રવ તો ખૂબ મચાવ્યા, પણ કાંઇ ફાવ્યો નહિ. તમે ત્યાં આવ્યા ન હતા ? "

" હું આવ્યો હતો પણ આ ઉપદ્રવની શરૂઆત થયા પછી થોડા સમયે ચાલ્યો ગયો."

" તમે ક્યારે નિકળી ગયા ? "

" હું પેલા કોંદરોનો ઉપદ્રવ થયો ત્યારે ઊઠી ગયો. પછી શું થયું ? "

" પછી તો એવાં જ જુદાં જુદાં તોફાનો થયાં. તે સર્વનો પ્રતિકાર મહારાજે કર્યો. બધામાં તે નિષ્ફળ થયો, એટલે ખૂબ ક્રોધમાં ભરાઈને તેણે એક ગધેડીને બોલાવી."

" ત્યારે તો તેણે ગર્દભી વિદ્યાનો ઉપયોગ કર્યો હશે! એ વિદ્યા બહુ બળવાળી ગણાય છે. કહેવાય છે કે તે ગધેડી ભૂંકે તો તેનો અવાજ સાંભળવા માત્રથી મોટાં મોટાં સૈન્યોનો પણ નાશ થઈ જાય છે.[૧] પછી તે ગધેડીએ આવીને શું કર્યું ? "

" તે ગધેડી મહારાજ પાસે આવીને તેમના ઉપર મૂત્ર ને વિષ્ટા કરવા જતી હતી, પણ એટલામાં તો મહારાજે ઓઘો ફેરવીને તેના માથામાં એવો તો માર્યો કે તે તરત જ પાછી ફરી ગઇ. "

" સારું થયું. નહિ તો સાંભળવા પ્રમાણે ગધેડી જેના ઉપર મૂત્ર ને વિષ્ટા કરે તેનું શરીર સડીને ખવાઈ જાય. અને એનું એવી સ્થિતિમાં મરણ થાય કે તે જોયું પણ ન જાય. પછી તે ગધેડી પાછી ફરીને ક્યાં ગઇ ? "

---

૧. શ્રી કાલિકાચાર્યના બહેન, નામે સરસ્વતી સાધ્વી થયાં હતાં. તે ઘણાં રૂપવતી ને સૌન્દર્યવતી હતાં. તેમનાં રૂપસૌન્દર્યથી મોહિત થઇને કામી ગર્દભિલ્લરાજાએ તેમને અન્તઃપુરમાં પકડી મંગાવ્યાં. આ અનર્થની શ્રી કાલિકાચાર્ય મહારાજને ખબર પડતા એવા દુષ્ટને દંડ દેવાનું તેમને મન થયું. સૈન્ય મેળવી યુદ્ધ કરવા મહારાજ ત્યાં પધાર્યા. રાજાએ કિલ્લાના દરવાજા બંધ કર્યા. ને ગર્દભી વિદ્યાના બળે ગધેડાને બોલાવીને કિલ્લા ઉપર મોકલી. તે ગધેડીએ ભૂંકવાને મોં પહોળું કર્યું કે તરત સૈનિકોએ બાણથી તેનું મોં ભરી દીધું. એટલે તેનો અવાજ બહાર ન નીકળી શક્યો. આખર ગધેડી પાછી ફરી ને ગર્દભિલ્લ રાજા ઉપર વિષ્ઠા ને મૂત્ર કરી ચાલી ગઇ. શ્રી કાલિકાચાર્ય મહારાજે તેને પકડયો અને સાધ્વીને મુક્ત કરાવી અનર્થપરમ્પરાને પ્રશાન્ત કરી. અને છેવટે પોતે પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઇ આત્મસાધનમાં ઉજમાળ બન્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" તે ગધેડી પાછી ફરીને પરિવ્રાજક પાસે આવીને તેના ઉપર મૂત્ર વિષ્ટા કરીને ચાલી ગઇ. પછી સભાપતિ રાજા વગેરેથી અવહેલના કરાતો પરિવ્રાજક નગર પાર કરાયો."

" ખરેખર, પ્રતિવાસુદેવનું ચક્ર જે પ્રમાણે પોતાનું જ વિનાશક થાય છે, તે પ્રમાણે આ વિદ્યા પણ જે કાર્ય માટે વાપરી હોય ત્યાં જો નિષ્ફળ થાય તો મૂકનારને મારે. અરેરે ! બાપડા પરિવ્રાજકની બહુ બરાબ સ્થિતિ થઇ. કેટલું અભિમાન હતું ! ક્ષણમાં બધું બદલાઈ ગયું."

" બીજું શું થાય ? વગર વિચાર્યું મિથ્યાભિમાન માણસને ઊંચે ચડાવીને એવું તો પછાડે છે કે તેનું નામનિશાન પણ રહેવા દેતું નથી."

" સાંભળ્યું કે આ વિજયથી મહારાજને ઘણું સન્માન મળ્યું, ને તેમનો યશ બહુ વધ્યો છે."

" એ તો સારું જ થયું છે. પણ મહારાજ હજુ એટલા પ્રૌઢ થયા નથી તેમને મળેલ આ માનનો દુરુપયોગ ન થાય તો સારું. તેઓ આગળ વધે ને આવી વિદ્વત્તા ફેલાવે તો આપણે ગૌરવ લેવા જેવું છે."

" એમાં શું ? આપણા રાજ્યમાં એવા વિદ્વાનો વસે એ આપણને અને રાજ્યને અભિમાનનો વિષય છે. વળી હજુ સુધી હું જીવ ને અજીવ એ બે જ પદાર્થ છે એમ જ સમજતો, પણ આ મહારાજનું કથન સાંભળ્યા પછી મારો એ ભ્રમ દૂર થયો ને નોજીવ પણ છે એ સમજાયું."

" હા, મારા પણ સાંભળવામાં અત્યાર સુધી એ નહોતું આવ્યું, મહારાજે એ નવીન જ બતાવ્યું."

શ્રીરોહગુપ્તે પરિવ્રાજકને વાદમાં પરાજિત કરીને તેની દુષ્ટ વિદ્યાઓને બલહીન કરી એટલે તેણે ગર્દભી મહાવિદ્યાનો પ્રયોગ કર્યો. શ્રીરોહગુપ્તે પોતાના ગુરુમહારાજે મંત્રીને આપેલ ઓઘાથી તેને પણ વ્યર્થ કરી એટલે ઉપાયહીન થઈ પરિવ્રાજક સંપૂર્ણ પરાસ્ત થયો ને રાજ્યે તેને નગર પાર કર્યો. ને શ્રીરોહગુપ્તને ખૂબ માનપૂર્વક વિજયા જાહેર કર્યા. ઉપરની નાગરીકોની વાતચિતથી એ સ્પષ્ટ સમજાય છે.

[૫]

આજ અન્તરંજિકા નગરીમાં ઘરઘર ઉત્સવ છે. જૈનો અને જૈનેતરો સર્વે શ્રીરોહગુપ્તના વિજયથી આનન્દિત થયા છે. શ્રીરોહગુપ્તને મોટા ઉત્સવપૂર્વક રાજસભાથી ઉપાશ્રયે લાવ્યા. તેમના ગુરુમહારાજશ્રીએ વાદમાં વિજય મેળવવા માટે તેમને ખૂબ શાબાશી આપી, ને પછી વાદનો વૃત્તાન્ત પૂછ્યો તે આ પ્રમાણે—

" રોહગુપ્ત ! વાદની શરૂઆત કોણે કરી હતી ?"

" જી, રાજ્ય તરફથી વાદ શરૂ કરવા સૂચન કરાયું એટલે તે કંઇ પણ બોલ્યો નહિ ત્યારે મેં કહ્યું ' પૂર્વપક્ષ કરો ' એટલે તેણે પૂર્વપક્ષ કર્યો."

" શા વિષયમાં તેણે પૂર્વપક્ષ કરેલ."

" જી, જીવ અને અજીવ એમ બે જ રાશિ છે. તેનું તેણે સ્થાપન કર્યું."

" ત્યારે તો તેણે આપણને અભિમત સત્ય સિદ્ધાન્તનો પક્ષ લીધો. પછી તેં શું કર્યું ?"

" જી, મેં દ્વિરાશિનું ખંડન કરીને ત્રણ રાશિનું સ્થાપન કર્યું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" પછી ફરી તેણે દ્વિરાશિનું મંડન કરી તારો વિરોધ કર્યો હશે ને ?"

" હાજી, તેણે ત્રણ રાશિનું સામાન્ય ખંડન કર્યું. વળી મેં સ્થાપના કરી. એમ થોડો સમય પરસ્પર વાદ ચાલ્યો પણ છેવટ જ્યારે મેં તેનું સચોટ ખંડન કરી ત્રણ રાશિનું મંડન આબાદ કર્યું એટલે તે બોલતો જ બંધ થઈ ગયો. "

" પછી શું થયું ?"

" પછી તો તેણે દુષ્ટ વિદ્યાઓનો ઉપયોગ કર્યો, ને મેં તે સર્વ વિદ્યાઓનો આપ-ઓના પસાયથા પ્રતિકાર કર્યો એટલે તેમાં પણ તે ન ફાવ્યો."

" સારું થયું. પણ વાદમાં વિજય મળ્યા પછી તેં ખુલાસો કર્યો કે નહિ કે આ ત્રણ રાશિનું મેં જે સ્થાપન કર્યું છે તે ફક્ત આ પરિવ્રાજને પરાજિત કરવા માટે કરેલ છે. પણ વાસ્તવિક તો એ રાશિ જ છે."

" નાજી. એવો ખુલાસો મેં નથી કર્યો."

" તારે એવો ખુલાસો કરવો જોઇતો હતો. તારા ખુલાસા વગર તારા બોલવાથી કેટલાએક ત્રણ રાશિને સત્ય માની બેસે તો અનર્થ થાય ઠીક હજુ શું બગડી ગયું છે ? આવતી કાલે સભામાં જઇ ખુલાસો કરી આવજે "

" જી. એમાં અનર્થ શું થાય ? મને હવે એવો ખુલાસો કરવાની જરૂર જણાતી નથી. વળી એવું કહેવાથી મારા વચનનું બહુમાન ઘટે ને મારી લઘુતા થાય."

" એમાં લઘુતા શું થાય ? ઉલટું આપણે સત્ય માર્ગને અનુસરીએ છીએ ને આગ્રહ-વાળા નથી એવી છાપ પડે. અને સ્પષ્ટીકરણ ન થાય તો વાદીને પરાજય પમાડવા આમ કહેવાય છે એવું ન સમજનારા ત્રણ રાશિને સત્ય માની બેસે તો આપણાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય, માટે જરૂર ખુલાસો કરી આવવો."

"જે સભામાં મેં ત્રણ રાશિની સ્થાપના કરી ત્યાં જ જઇને મારે મુખે મારું કથન મિથ્યા છે ને પરિવ્રાજની માન્યતા તથ્ય છે એવું કહું તો મારું ગૌરવ શું રહે ? મારાથી એવું બની શકશે નહિ."

" તારાથી એ ન બની શકે તો તું મિથ્યાત્વની પુષ્ટિ કરે ને હું તે ચલાવી લઉં તે મારાથી પણ બની શકશે નહિ. વળી તારે ક્યાં એમ કહેવું છે કે 'મારું કથન મિથ્યા છે ને પરિવ્રાજકનું સત્ય છે.' તારે એમ ખુલાસો કરવો કે એ રાશિ સત્ય છે ને ત્રણ રાશિ અસત્ય છે. મેં અમુક કારણસર ત્રણ રાશિનું મંડન કર્યું હતું, પણ તે યથાર્થ નથી. આ તો આ છે. પણ કોઇ વખત એવો જ પ્રસંગ આવે કે જેમાં કોઇ આવા જ વાદી આપણને અભિમત આત્મા-કર્મ-મુક્તિ વગેરે પદાર્થોનું મંડન કરે ને આપણે તે સર્વનું ખંડન કરીએ ને છેવટ આપણો વિજય થાય એટલે એ સાચું કર્યું છે તેનો ખુલાસો કરવાથી આપણે હલકા પડીએ છીએ એવું થોડું છે ? વાદમાં વિજય તો બુદ્ધિનો થાય છે, સત્ય સિદ્ધાન્તનો થોડો થાય છે ? તું સત્ય સિદ્ધાન્તને બતાવતો હો ને તારાથી વિશેષ પ્રતિભાશાળી કોઇ સામે હોય તો તારું સર્વ ખંડન કરી નાખે ને વિજયી થાય એથી એ સત્ય, એમ થોડું માની લેવાય ? માટે આપણે ખુલાસો જરૂર કરી આવવો જ જોઇએ. ન કરી આવીએ તો દોષિત થઇએ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" જી. આપનું કહેવું યથાર્થ છે, પણ મેં તદ્દન મિથ્યા મંડન કર્યું હોય તો ખુલાસો કરવાની જરૂર રહે. આ તો અપેક્ષાથી ત્રણ રાશિ સંભવી શકે છે, તો સત્ય વચનનો ખુલાસો કરવાની શી જરૂર ? "

" કોઈ પણ રીતે ત્રણ રાશિ ન સંભવે. નોજીવ નામની કોઈ જુદી વસ્તુ જગતમાં હોય તો ને ? અપેક્ષાથી ત્રણ રાશિ સંભવે છે એ તારી માન્યતા મિથ્યા છે."

" ગુરુજી, યુક્તિ અને આગમ બન્નેથી ત્રણ રાશિ સિદ્ધ થાય છે તો આપ શા માટે તેનો નિષેધ કરો છો ? આમાં આપની ભૂલ થાય છે. "

" તારો એ ભ્રમ છે. વાદમાં વિજય મેળવવા માટે તેં ત્રણ રાશિનું સ્થાપન કર્યું એટલે તને મિથ્યા આગ્રહ બંધાયો છે. ત્રણ રાશિ છે જ નહિ."

" મારો એ ભ્રમ નથી, હું ત્રણ રાશિ સિદ્ધ કરવા તૈયાર છું. "

" સારુ, જો તને ત્રણ રાશિની માન્યતાનો આગ્રહ હોય તો સિદ્ધ કરજે. પણ હજુ હું તને સમજાવું છું કે એ માન્યતા છોડી દે, તેમાં તારું હિત છે. પાછળથી તને પસ્તાવો થશે."

વાદીનો વિજય કરીને આવ્યા પછી રોહગુપ્તને તેમના ગુરુજીએ સઘળા સમાચાર પૂછ્યા તેમાં ત્રણ રાશિનો પક્ષ લઇ રોહગુપ્તે વાદીને હરાવેલ તે સમ્બન્ધી ખુલાસો કરવા ગુરુમહારાજે તેમને સૂચવ્યું. રોહગુપ્તે તે સૂચનાની અવગણના કરી. ઘણી રીતે સમજાવ્યા છતાં રોહગુપ્ત ન સમજ્યા એટલે શ્રીગુપ્તસૂરિજી મહારાજ આ અનર્થ ન વધે અને ત્રિરાશિની માન્યતા વિશેષ ન ફેલાય તે માટે વિશિષ્ટ પગલાં લે છે.

[૬]

" શું આચાર્ય મહારાજશ્રી અને રોહગુપ્ત મહારાજ વચ્ચે રાજસભામાં વાદ થવાનો છે, એ વાત સાચી છે ? " ગામમાં આ પ્રશ્ન ચર્ચાતો હતો.

" હા. શ્રી રોહગુપ્ત મહારાજ પરિવ્રાજક સાથેના વાદમાં જ બોલ્યા હતા તે સિદ્ધાન્ત–આગમ વિરુદ્ધ હતું. તેનો ખુલાસો રાજસભામાં જઈને કરવા આચાર્યમહારાજશ્રીએ તેમને સમજાવ્યું. પણ તેમણે ન માન્યું. વધારે કહ્યું ત્યારે કહેવા લાગ્યા કે મેં ક્યાં ખોટું કહ્યું છે ? એટલે આચાર્ય મહારાજશ્રીને લાગ્યું કે આ શક્તિવાળો છે, ને મિથ્યાઆગ્રહમાં બદ્ધ થયો છે. જો હવે માર્ગમાં નહિ આવે તો એની શક્તિનો સદુપયોગ થવાને બદલે એના પોતાના વિચારનાં પ્રચારમાં થશે તે તેથી હિત થવાને બદલે અનર્થ થશે. માટે તેની સાથે વાદ કરી તેને માર્ગે લાવવા મહારાજશ્રીએ વિચાર કર્યો છે. " બીજાએ ખુલાસો કર્યો.

" જો આમ થશે તો તો, આ વિજયને લઇને, નિન્દા કરતા અન્ય દર્શનીઓને પ્રશંસા કરવી પડતી હતી, તેમને જો આ ખબર પડશે એટલે પાછા નિન્દા કરવા માંડશે. તેમને તો આટલું જ જોઇએ છે. "

" નિન્દા કરે તો કરે ! એથી શું ? આપણે ખોટા વિચારોને થોડા ચલાવી લેવાય ?

" એ વાત તો બરોબર છે. પણ ભણીગણીને તૈયાર થયેલ મહારાજ આમ તદ્દન ફરી ગયા એ શું. ? "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" માટે તો આમ સખત પગલાં લેવાં પડે છે. સામાન્ય સાધુ હોત તો આવું થોડું કરવું પડત ? સમજે તો ઠીક, નહીં તો તેની શી અસર થવાની છે? "

" પણ આચાર્ય મહારાજશ્રી રાજસભામાં વાદ કરવા માટે શું કરવા જાય છે ? ઘર મેળે મહારાજને સમજાવવા હતા, ન સમજે તો સંઘ કે સમુદાય બહાર કરવા હતા. આ તો જાણી જોઇને વિશેષ હેલનાનો માર્ગ લેવાતો હોય એમ નથી લાગતું ? પૂર્વે પણ બહાર કરી દીધાનું આવે છે. "

" પણ એમ કરવાથી ઉદ્દેશની સિદ્ધિ નથી થતી માટે આમ કરવું પડે છે. શ્રી રોહગુપ્તને સમુદાય બહાર કરે એટલે તેઓ શાન્ત બેસી રહે એમ ન સમજવું, તેઓ પોતાના વિચાર ફેલાવવા પ્રયત્ન કરે. તેથી આ રીતે સભામાં જાહેરમાં વાદ થાય ને પછી ન સમજે તો બહાર કરાય એટલે તેઓ આડું અવળું કંઇ પણ બોલી તો ન જ શકે. વળી સભામાં મહારાજશ્રી સાથેના વાદમાં વિજય મેળવે એ સ્વપ્ને પણ બનવાનું નથી. "

" ઠીક, વાદ કયારથી થવાનો છે ? "

" હજુ નક્કી નથી થયું. પણ બે ચાર દિવસમાં ઘણું ખરું વાદ થશે. "

શ્રી રોહગુપ્તને ઘણું સમજાવ્યા છતાં ન સમજ્યા એટલે શ્રીગુપ્તસૂરિજી મહારાજ જાહેરમાં રાજસભામાં રાજાની સમક્ષ વાદ કરવા રોહગુપ્તને કહે છે. એ રીતે ગુરુ શિષ્ય વચ્ચે લાંબાકાળ સુધી વાદ થશે. એ વાદ કેવો થાય છે ને તેનું પરિણામ શું આવે છે તે હવે પછી જોઇશું. (ચાલુ)

नाम और मूर्ति दोनों मंजूर होने चाहिए

लेखक : **पूज्य मुनिमहाराज श्री विक्रमविजयजी**

ता. ११-२-४२ के 'स्थानकवासी जैन' पत्रमें रतनलालजी डोसी लिखते हैं कि 'मालूम होता है सूरिजी इस विषयके अपनी ही समाजके साहित्यसे भी अनभिज्ञ हैं'। कैसी हास्यजनक बात ! सूरिजी महाराजने जो लिखा है कि 'हम शास्त्रोंके उपयोगको मूर्तिपूजा मानते ही कब है' इस पर आप चाहे तो चतुरभुजजीका नाम दो या और किसीका, ज्ञानसुंदरजीका नाम लिखो या चारित्रसुंदरजीका, उनका आशय सूरीश्वरजी महाराज समझते हैं और आप नहीं समझते हो। सूरीश्वरजी महाराजके आशयको आपने समझा ही नहीं, या तो इरादापूर्वक उलटा घसीटा है, और इसी लिये आगेके पाठको छोड दिया है, वह पाठ यह है 'जो हम ऐसे ही मानते' इसका मतलब यह है कि यदि हम शास्त्रके उपयोगको मूर्तिपूजा मानते तब तो हमको मंदिरमें जानेकी जरूरत ही क्या रहीं ? शास्त्र तो हरदम हमारे पास ही रहते हैं। विद्वान मुनि श्री ज्ञानसुन्दरजी शास्त्रका उपयोग मूर्तिपूजामें करते हैं, वह शास्त्रको प्रभुकी वाणीकी मूर्ति समझकर, न कि साक्षात् प्रभुकी मूर्ति समझकर, इस लिये तो तालिकामें दोनों स्वरूप भिन्न भिन्न बतलाये हैं। ये सब क्या कहते हैं, इसको समझनेकी फुरसद कहां है ? रतनलालजीके आगे (पृ. ४२)के

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इशारेका भी जवाब इसीमें आ जाता है, क्योंकी हमने शास्त्रको वाणीकी मूर्ति रूप और उसके सन्मानको मूर्तिपूजा रूप मानना चाहिए यह साबित किया है, और जब वाणीकी मूर्ति रूप अक्षर जड होने पर भी उसकी पूजा मानी जावे तब भगवानकी मूर्ति माननेमें क्या विरोध रहा? यह भाव समझकर लिखना चाहिए।

आगे चलकर डोसीजी लिखते हैं कि 'सूरिजीको मूर्तिके बिना सारा शासन ही शून्य दिखाई देता है', बात तो बराबर है, क्योंकि जहां जहां सम्यग्दर्शन वहां वहां प्रभुमूर्तिकी मान्यता है, जहां प्रभुमूर्तिकी मान्यता नहीं है वहां समकित भी नहीं और समकित के बिनाकी करणी 'मूलं नास्ति कुतः शाखा' जैसी है यही बात सूरीश्वरजी महाराजने 'प्रभुपूजाको नहीं मानने-वाले' इत्यादिसे बताई है, इस लिये 'मूर्तिमाताकी ममतावाले' इत्यादि लेखसे मात्र प्रपंच ही खेला गया है।

"मूर्ति बिना किया हुआ ध्यान बुगला ध्यान होनेसे सर्वथा अनिष्ट और दुर्गति देनेवाला है"। ऐसा जो डोसीजीने सूरिजीके नामसे अवतरण दिया है वह झूठ है। सूरिजीने तो ऐसा लिखा है कि 'इससे बरखिलाफ होकर ध्यान करनेवालोंका ध्यान बुगलाध्यान.....है'। गणधर, पूर्वधर आदि महान आत्माएं मूर्तिको मानती थीं वह तो पक्षपात छोडकर सर्वांग आगमोंको मानलो तो बखूबी मालूम हो जाय और वे ही गणधर पूर्वधर आदि महापुरुष आगमोंमें मूर्तिपूजाको कह रहे हैं तब वे मूर्तिकी मान्यता नहीं रखते, अवसर पर उनका ध्यानादि नहीं करते थे यह किस तरहसे कह सकते हो? ऐतिहासिक वर्णनोंमें एक भी वर्णन नहीं मिलता जिसमें वे मूर्तिकी मान्यता न धराते हो, अतः सूरिजी जो कहते हैं वह सर्वथा सत्य ही है। जब सूरिजीने साक्षात् प्रभुकी मौजूदगीमें भी उनकी मूर्तिकी आवश्यकता बतलाई हो तब तो गण-धरादिके ऐसा नहीं करनेसे आपने दिये हुए आरोप लग सकते थे। 'हम मूर्तिमें मूर्तिमानकी पूजा करते हैं' यह अवतरण भी डोसीजीने खोटा ही लिखा है, क्योंकि 'हमारा मूर्तिमें मूर्तिमानका पूजन होनेसे सारा हि अवलंबनका विषय और मूर्तिपूजन भिन्न नहीं सिद्ध होता है' ऐसा सूरिजीका लेख है और मूर्तिमें मूर्तिमानकी पूजा करे भी तो झूठ कैसे? और मूर्तिकी ही पूजा की जाती है, इससे मूर्तिमानकी पूजा नहीं हुई यह विषय कैसे साबित हो सकता है? क्या मूर्तिमानको नहीं देखने मात्रसे? या और किसी प्रमाणसे? किस तरहसे आपने इसे झूठ कहा? मूर्तिमानको तो आपने भी देखे नहीं, तो 'मूर्तिमानकी पूजा नहीं' यह किस तरहसे प्रत्यक्ष है ऐसा कहोगे? आपकी प्राथमिक जिज्ञासा असंगत ही है, क्योंकि ग्रामस्थ मूर्तिमें मूर्तिमानकी पूजा नही होती, यह केवल आपकी कपोल कल्पना ही है। दूसरी जिज्ञासाका उत्तर यही है कि मूर्तिमानकी पूजा अनेकों प्रकारसे हैं क्योंकि समवसरणमें प्रभुकी पूजा भव्य जीव दूसरे प्रकारसे करते थे, और अन्य कालमें अन्य प्रकारसे,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इसका उद्देश मूर्तिपूजा नहीं है किंतु मूर्तिमानकी ही पूजाका है, मूर्ति तो मात्र जरिया है अथवा मूर्ति और मूर्तिमानका अभेद होनेसे मूर्तिपूजा कहो तो भी हर्जा नहीं। तीसरी जिज्ञासाका उत्तर यही है कि समवसरणस्थ परमात्माके सामने जो पुष्पवृष्टि होती है उसे भी आप प्रभुका अपमान ही समझते होंगे। या उसमें पुत्र समान जीवोंकी हिंसा समजते होंगे! क्योंकि पुष्पवृष्टि आदि समयमें अनेको वाय्वादि जीवकी हानि होनेका संभव है। 'त्रस स्थावर जीवोंको मारकर उन्हीं पर चढानेवाले' ऐसा लिखकर तो झूठकी हद की है। दिखलावे तो सही किस त्रस जीवको मारकर उन्हीं पर चढाया गया। वास्तवमें जब ऐसा है नहीं तो ऐसी गप्पे मारनेसे अपना उल्लु सीधा नहीं हो सकता।

'भरतेश्वर आदि मूर्तिको नहीं माननेवाले थे' ऐसा कहना प्रमाणहीन है, क्योंकि आपके पास निषेधका कोई प्रमाण नहीं और हमारे पास तो आवश्यकनिर्युक्ति वगैरह प्रमाण हैं जो परिशिष्टमें दिये ही हैं। 'जिसमें कि लम्बे समय तक आत्मा निवास कर चूकी है, कोई मूल्य नहीं तब मूर्ति कि जिससे जीवका कोई तालुक नहीं क्यों महत्त्व दिया जाता है?' ऐसा आपने लिखा है, यह बराबर नहीं है, क्योंकि जिसमें जीव निवास करे वो ही मूल्यवान है अन्य नहीं ऐसा कोई नियम नहीं है, किन्तु जिसके साथ जीवकी अभिन्नता है उसकी महत्ता है, यह बात आप भी स्वीकारते हैं, अन्यथा नामकी भी महत्ता उड जायगी। एवं च जिस तरह आज उच्चरित नामके साथ उनका संबंध न होने पर भी उस नामकी महत्ता स्वीकारते हैं, उसी तरह मूर्तिमें भी मानना चाहिए, अगर मूर्तिमें नहीं मानो तो किसी तरह आजकलके उच्चरित नाम कभी मान्य नहीं हो सकते। 'नाम लेते हैं भाव स्वरूप (अभेद) अनन्त चारित्रवान् प्रभुका' हां बराबर, प्रभुका नहीं, किन्तु उनके नामरूपी जड शब्दपुद्गलोंका, कि जो आपके मत अनुसार अचेतन होनेसे कुछ कर नहीं सकते, भाव प्रभु तो अभी हैं ही नहीं और शब्द तो अभी हैं, मगर उसके साथ उनका कोई संबंध नहीं, अतः स्वयं जड ऐसा क्या कर सकता है? यदि प्रभुका उस जडके साथ संबंध न होने पर भी संबंध हो जाय तो मूर्तिके साथ संबंध माननेमें क्या आपत्ति है? एकान्त दृष्टिको छोडकर जिस तरह नामके साथ इसको अभिन्नता है, और कलेवरके साथ जैसो अभिन्नता है, उसी तरह मूर्तिके साथ और उनके निर्वाण आदि स्थलोंके साथ भी उनकी अभिन्नता है, इसीसे इन सबको माननेमें ही अधिक लाभ है। इसी लिये 'नाम और मूर्ति दोनो मंजूर होनेसे हमारा कार्य डबल सिद्ध हो गया' ऐसा सूरिजी कहते है इसमें क्या अनुपपत्ति है?।

(क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવચન-પ્રશ્નમાલ

પ્રયોજક—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

(ક્રમાંક ૯૧થી ચાલુ)

૩૦ પ્રશ્ન—શ્રી તત્ત્વાર્થસૂત્રાદિમાં આયુષ્યના ત્રણ ભેદ પણ કહ્યા છે તે કયા ?

ઉત્તર—૧ સોપક્રમ અપવર્ત્તનીય આયુષ્ય, ૨ સોપક્રમ અનપવર્ત્તનીય આયુષ્ય અને ૩ નિરૂપક્રમ અનપવર્ત્તનીય આયુષ્ય. આ રીતે ત્રણ ભેદ જાણવા.



અનપવર્ત્તનીય આયુષ્ય સોપક્રમ પણ હોય, ને નિરૂપક્રમ પણ હોય. અને અપવર્ત્તનીય આયુષ્યમાં તેવા બે ભેદ ન જ હોય, કારણકે તે સોપક્રમ જ હોય છે. એ આ ઉપર જણાવેલા યંત્રનું રહસ્ય છે. ૩૦.

૩૧ પ્રશ્ન—સોપક્રમ અપવર્ત્તનીય આયુષ્યનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે આયુષ્ય ઉપક્રમને લઈને પૂરેપૂરું (બાંધેલ સ્થિતિ પ્રમાણે) ન ભોગવાય તે સોપક્રમ અપવર્ત્તનીય આયુષ્ય કહેવાય. અહીં શસ્ત્રાદિ ઉપક્રમોથી આયુષ્યના દલિયા જલદી ભોગવાય છે. ૩૧

૩૨ પ્રશ્ન—સોપક્રમ અનપવર્ત્તનીય આયુષ્યનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે જીવોને આયુષ્યના અંતિમ સમયે શસ્ત્રાદિ ઉપક્રમનો માત્ર સંબંધ હોય, પણ તેની અસર આયુષ્યની ઉપર થાય જ નહિ. આવા જે જીવો બાંધેલ આયુષ્યની સ્થિતિ પ્રમાણે સંપૂર્ણ આયુષ્ય ભોગવીને જ મરણ પામે, તેમનું આયુષ્ય સોપક્રમ અનપવર્ત્તનીય કહેવાય. ૩૨

૩૩ પ્રશ્ન—નિરૂપક્રમ અનપવર્ત્તનીય આયુષ્યનું સ્વરૂપ શું ?

ઉત્તર—આયુષ્ય બાંધતી વખતે જેટલી સ્થિતિ બાંધી તે જ પ્રમાણે જે આયુષ્ય સંપૂર્ણ ભોગવાય, ને જેમાં શસ્ત્રાદિ ઉપક્રમો લાગતા નથી, તે નિરૂપક્રમ અનપવર્ત્તનીય આયુષ્ય કહેવાય. ૩૩

૩૪ પ્રશ્ન—ઉપક્રમ એટલે શું ?

ઉત્તર—જેનાથી આયુષ્ય ઘટે, તે ઉપક્રમ કહેવાય. ૩૪.

૩૫ પ્રશ્ન—શ્રી જૈનેન્દ્રાગમમાં તેવા ઉપક્રમો કેટલા જણાવ્યા છે ?

ઉત્તર—જેથી આયુષ્ય ઘટે તેવા ઉપક્રમો શ્રી વિશેષાવશ્યકમાં સાત જણાવ્યા છે. ૩૫

૩૬ પ્રશ્ન—એ સાત ઉપક્રમોનાં નામ કયાં કયાં ?

ઉત્તર—૧ અધ્યવસાય, ૨ નિમિત્ત, ૩ આહાર, ૪ વેદના, ૫ પરાઘાત, ૬ સ્પર્શ અને ૭ શ્વાસોચ્છવાસ. આ સાત કારણોથી આયુષ્ય ઘટે છે. આ સાતે કારણોને ઉપક્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નામથી શાસ્ત્રમાં ઓળખાવ્યાં છે. ૩૬

૩૭ પ્રશ્ન—કેવા અધ્યવસાયથી જીવનું આયુષ્ય ઘટે ?

ઉત્તર—૧ રાગના અધ્યવસાય, ૨ સ્નેહના અધ્યવસાય અને ૩ ભયના અધ્યવસાય, આ ત્રણ જાતના અધ્યવસાયથી જીવનું આયુષ્ય ઘટે. મનમાં હદઉપરાંત રાગ, સ્નેહ કે ભયની ભાવના થાય તો જરૂર આયુષ્ય ઘટે છે. માટે જ પરમકૃપાળુ શ્રીતીર્થંકર દેવોએ રાગાદિને તજવાનો ઉપદેશ આપ્યો છે. ૩૭.

૩૮ પ્રશ્ન—અધ્યવસાય શબ્દનો અર્થ શો ?

ઉત્તર—કષાય મોહનીયના ઉદય કાલમાં વર્તતા અમુક જાતના જે જીવના પરિણામો તે અધ્યવસાય કહેવાય. આવા અધ્યવસાયો દશમા સૂક્ષ્મ સંપરાયગુણસ્થાનક સુધી જ હોય છે. વિશેષ બીના શ્રીદંડકવિસ્તરાર્થની પ્રસ્તાવનામાં જણાવી છે.

૩૯ પ્રશ્ન—રાગ શબ્દનો અર્થ શો ?

ઉત્તર—સ્ત્રી વગેરે ભોગનાં સાધનોમાં જે આસક્તિ (પ્રીતિ) થાય તે રાગ કહેવાય. જેમ લાલ, પીળા વગેરે રંગના કુંડામાં સફેદ લુગડું બોળવાથી તદ્દન ધોળાશ જતી રહે છે, તેમ રાગની ભાવનાથી જીવની શુદ્ધ દશા (નિજગુણરમણતા) બગડી જાય છે. વિશેષ બીના 'દેશનાચિંતામણિ' વગેરે ગ્રંથોમાં જણાવી છે. ૩૯

૪૦ પ્રશ્ન—રાગના અધ્યવસાયથી કોઇનું આયુષ્ય ઘટયું હોય એવું દૃષ્ટાંત જૈન શાસ્ત્રમાં જણાવ્યું છે. ?

ઉત્તર—એક સ્ત્રી પાણીની પરબ ઉપર જતા આવતા લોકોને પાણી પાય છે. એક યુવાન માણસને જોઇને તે (સ્ત્રી) અત્યંત રાગ ધારણ કરે છે. જુવાન માણસ પાણી પીને ચાલ્યો જાય છે. તીવ્ર રાગને લઇને તે સ્ત્રી ઝૂરી ઝૂરીને મરણ પામે છે. વિશેષ બિના શ્રીવિશેષાવશ્યક, લોકપ્રકાશક, સંવેગમાલા, શ્રાવકધર્મજાગરિકા આદિમાં જણાવી છે. આ સ્ત્રી જે તત્કાલ મરણ પામી, તેમાં રાગના અધ્યવસાયો કારણ હતા એમ સમજવું. ૪૦.

૪૧ પ્રશ્ન—સ્નેહના અધ્યવસાયથી આયુષ્ય ઘટે, એમાં કોઇ શાસ્ત્રીય દૃષ્ટાંત છે ?

ઉત્તર—શ્રી વિશેષાવશ્યકાદિમાં જણાવ્યું છે કે—એક સ્ત્રીનો પતિ પરદેશમાં ગયો છે. તેના મિત્રોએ મશ્કરીમાં તે સ્ત્રીને જણાવ્યું કે-'તારો પતિ મરણ પામ્યો.' મિત્રોએ તો સ્નેહની પરીક્ષા કરવા માટે કહ્યું પણ પરિણામ એ આવ્યું કે—પતિની ઉપર તે સ્ત્રીને તીવ્ર સ્નેહ હતો, તેથી પતિનું મરણ સાંભળીને તે જ વખતે તે મરણ પામી. એ જ પ્રમાણે પુરુષ પણ સ્ત્રીનું મરણ સાંભળીને તીવ્ર સ્નેહના પ્રતાપે મરણ પામ્યો. આ સ્નેહથી મરણ પામેલાનું દૃષ્ટાંત જાણવું. વિશેષ બિના શ્રીસંવેગમાલાદિમાં જણાવી છે. ૪૧.

૪૨ પ્રશ્ન—ભયથી આયુષ્ય ઘટતાં મરણ થયું હોય, એવું કોઇ શાસ્ત્રીય દૃષ્ટાંત છે ?

ઉત્તર—અત્યંત ભયથી સોમિલ બ્રાહ્મણનું આયુષ્ય ઘટી ગયું, તેથી તે મરણ પામ્યો. તે બિના ટૂંકામાં આ પ્રમાણે જાણવી. વસુદેવ રાજા અને દેવીકી રાણીના પુત્ર ગજસુકુમારકુમાર સોમિલ બ્રાહ્મણની આઠ પુત્રીઓને પરણ્યા બાદ પ્રભુશ્રી નેમિનાથની વૈરાગ્યમય દેશના સાંભળીને સંયમ લેવા તૈયાર થયા. કૃષ્ણમહારાજે રાજ્યાદિ દેવાનું કહીને ઘણાએ લોભાવ્યા, પણ ગજસુકુમાલે તેનો ત્યાગ કરીને, સર્વની અનુમતિ લઇને દીક્ષા ગ્રહણ કરી. તે જ દિવસે ગજસુકુમાલ મુનિવરે બારમી ભિક્ષુપ્રતિમા અંગીકાર કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્મશાનમાં તે કાઉસ્સગ્ગમાં ઊભા રહ્યા. પોતાની પુત્રીઓને નિરાધાર અનાથકાર આ ગજસુકુમાલ છે. આવા વિચારથી સોમિલ બ્રાહ્મણને તે મુનિ ઉપર તીવ્ર દ્વેષ હતો. જ્યાં ગજસુકુમાલ કાઉસ્સગ્ગધ્યાને રહ્યા હતા તે રસ્તે થઇને સાંઝે સોમિલ બ્રાહ્મણ ચાલ્યો જતો હતો. મુનિને જોતાં તેને દ્વેષ જાગ્યો. તેથી તે બ્રાહ્મણે મુનિના મસ્તક ઉપર માટીની પાળ બાંધીને અંદર ધગધગતા અંગારા ભર્યા. આ તીવ્ર વેદનાને સમતા ભાવે સહન કરીને ગજસુકુમાલ કેવલી થઇને મોક્ષે ગયાં. સોમિલ બ્રાહ્મણે દ્વારિકાના દરવાજામાં પેસતાં હાથી ઉપર બેઠેલા કૃષ્ણ મહારાજને જોયા. જોતાંની સાથે જ 'અરે, મને કૃષ્ણ મહારાજ મારી નાંખશે, કારણ કે તે મારું પાપ જાણતા હશે,' આવી ભયની ભાવના પ્રકટતાં તે સોમિલ તે જ વખતે આયુષ્ય ઘટતાં મરણ પામ્યો. આ રીતે ભયના અધ્યવસાયથી આયુષ્ય ઓછું થાય છે. વિશેષ બિના શ્રીજ્ઞાતાસૂત્ર અંતકૃદ્દશાંગાદિમાં જણાવી છે. ૪૨.

૪૩ પ્રશ્ન—કયાં કયાં નિમિત્તોથી આયુષ્ય ઓછું થાય ?

ઉત્તર—ઝેરનું આવું, શસ્ત્રનો ઘા, લાકડી, ચાબૂક, કોરડા વગેરેનો સખ્ત માર વગેરે નિમિત્તોથી ઘણાય જીવોનું આયુષ્ય ઓછું થાય છે. ૪૩.

૪૪ પ્રશ્ન—કેવો આહાર કરવાથી આયુષ્ય ઓછું થાય ?

ઉત્તર—અજી ઉપરાંત આહાર આવાથી અથવા બિલકુલ આહાર નહિ લેવાથી આયુષ્ય ઓછું થાય છે. ૪૪.

૪૫ પ્રશ્ન—કેવા પ્રકારની વેદનાથી આયુષ્ય ઓછું થાય ?

ઉત્તર—ઉદરશૂલ મસ્તક વગેરેમાં તીવ્ર વેદના થતાં આયુષ્ય ઓછું થાય છે. ૪૫.

૪૬ પ્રશ્ન—પરાઘાતનું સ્વરૂપ શું ?

ઉત્તર—કૂવા વગેરે જળાશયમાં પડવું, પર્વતાદિની ઉપરથી ઝંપાપાત આવો, થંભ વગેરેની સાથે જોરથી અથડાવું વગેરે પરાઘાત સમજવા. આમાંના કોઇ કારણથી આયુષ્ય ઓછું થાય. ૪૬.

૪૭ પ્રશ્ન—કેવા પ્રકારના સ્પર્શથી આયુષ્ય ઓછું થાય ?

ઉત્તર—મહાઝેરી સર્પ, વીંછી વગેરે કરડવાથી જે આયુષ્ય ઓછું થાય, તે સ્પર્શ નામના ઉપક્રમથી આયુષ્ય ઘટયું એમ સમજવું. ૪૭.

૪૮ પ્રશ્ન—કેવા પ્રકારના શ્વાસોચ્છવાસથી આયુષ્ય ઓછું થાય. ?

ઉત્તર—ઘણું દોડવું, દમનો વ્યાધિ વગેરે પ્રસંગે વધારે પ્રમાણમાં શ્વાસોચ્છવાસ લેવાથી અથવા શ્વાસોશ્વાસ લેવાની ક્રિયા તદ્દન બંધ કરવાથી આયુષ્ય ઓછું થાય, ને અચાનક મરણ થાય. વિશેષ બિના શ્રીશ્રાવકધર્મજાગરિકાદિમાં જણાવી છે. ૪૮. (ચાલુ)

ચતુર્માસનું નિશ્ચિત સરનામું લખી જણાવવાની
પૂજ્ય મુનિમહારાજોને વિનંતી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી પાસચંદ્રસૂરિકૃત

શ્રી વસ્તુપાલ–તેજપાલ રાસ

સંગ્રાહક—પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

જિણ ચઉવીસઇ ચલણ નમેવી, અનંઇ સૂઅસામિણિ સરસતિદેવી;
સહિ ગુરુ પાય પસાઉલઇ એ. (૧)
રાસ સંબંધિસ બિહું બંધવકેરુ, કાંઇ કીજઇ કવિત નવેરૂં;
વસ્તુપાલ તેજગતણુ એ. (૨)
ભરહુ ખેત્ર ધુરિ ઉત્તમ જાણુઉં, ગુજરધર વર દેશ વખાણુઉં;
પટ્ટણ અણહુલપુરિ વરુ એ. (૩)
ગઢ મઢ મંદિર પોલિ પગાર, કુવ સરોવર અતિ મણોહાર;
ચઉરાસી ચહુટાં ભલાં એ. (૪)
જિણમંદિર પોસાલ વિસાલ, સુરપતિ સોહઇ જિમ સુર બાલ;
તિમ **અણહુલપુરિ** નારિ નરો (એ). (૫)
નર સમુદ્ર તસ ઉપમ સારો, તિહિન વસઇ **ચંડપ** મલ્હારો;
પચંડ પુત્ર તેહતણુ એ. (૬)
સોમ કુમર **આસરાજ** ભણીજઇ, પોરવાડ વંશ ધુરિ દીજઇ;
કર્મવસિ નિર્ધન હૂઆ એ. (૭)
દ્રવ્યહીણુ તિહાં નવિ વસાઇ, તુ છાંડેવા કાઉ ઉપાઇ;
માલાશણુ પુરિ આવીઉ એ. (૮)
તિણ પુરિન વસઈ **આભૂ** સાહો, પોરવાડ વંશ ઉછાહો;
લાછલિ દેવી તસ ઘરણિ (એ). (૯)
તાસ કુમર (રી) અતિસ લલિત જાણું, નામિ **કુંઅરાદેવિ** વખાણું;
ત્રીય રયણ ઉપમ ન લહઇ એ. (૧૦)
ભણી ગુણી તાંત પરણાવી, તેઉ વાત પણિ મેલી ન આવી;
વિહિનઇ વિસિ વિથા હૂઇ એ. (૧૧)
તુ આપિ પીહરી તેડાવી, કર્મતણઇ વિસિ તિહાં આવી;
ધર્મની મ...અહિનસિ કરઇ એ. (૧૨)
જિણવર પૂજી અતિસુવિચારો, હીયડઇ સમરઇ નિતુ નવકારો;
વંદણ પડિકમણું કરેઇ એ. (૧૩)
અંન (અન્ય) અહુ લક્ષણવંતી, જિણવર વંદીય વસિત પહૂતી;
સહિ ગુરુ દૃષ્ટિ તવ ચડીય. (૧૪)
તસ અંગિ લક્ષણ દીઠઉં જાંમ, સહિ ગુરૂ સીસ હલાવિઉ જામ;
મનમાંહિ જાણી રહ્યા એ. ૧૫
ઇણ અવસરિ આગઇ છઈ બઇઠિઉ, **આસરાજ** મંત્રીસર દીઠઉ;
સીસહ કારણ પૂછીઉં એ. (૧૬)
તીણ વયણે ગાઢેરી ખંતે, **આસરાજ**નઈ લાગી ચિત્તે;
પાયકમલ સીહાશીઉ એ. (૧૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગ્રહ જાણી મંત્રી કેરુ, દીઠ લાભ અનઇ અધિકેરુ;
હરિભદ્રસૂરિ કારણ કહિઉ એ. (૧૮)
એહની કૂખઇ સૂર સમાણુ, બીજુ બીજઉ સસિહર અમીય વખાણુઉં;
પુત્રરયણ બહૂ અચ્છઇ એ. (૧૯)
સ્ત્રી રયણ લેવા મઝ ઠાઉ, મંત્રીસર હિવ કરઇ ઉપાઉ;
ઋષિ ભાષિઉં તે નવિ ટલઇ એ. (૨૦)
આગઇ આદિ જિણેસરિ કીધું, તે સંગ્રહણું લોકપ્રસિધું;
પૂરવ રીતિ ન લોપીઇ એ. (૨૧)

વસ્તુ

પઢમ જિણુવર પઢમ જિણુવર, પમુહ ચુવીસ,
તિથ્થંકર સવિ મનિ ધરીય, કરિ સુચરિત્ત વસ્તગહ કેરુ,
અણહલવાડા જામલિ, નહીય નયર પુહવિ અનેરુ;
ચંડ પ્રચંડ તિહાં લસઇ, **સોમસીહ** તસ પુત્ર,
આસરાજ ધનહીન હુઆ, **માલાશાણિ** સંપત્ત. (૨૨)
આભૂ સાહ તણઇ ઘરિ, અચ્છઇ રબારી એક તે,
બુદ્ધિવંત બલિ આગલુ એ, અવસર ઓલઇ છેકઉ;
મંત્રીસરિ મિત્ર થાપીઉ એ, **આસરાજિ** તે તેડિઉ,
મિત્ર પુત્ર બંધવ સહૂ એ, લાભઇ કર્મહ કેડિઉ. (૨૩)
પ્રીતિ આપણ આપણીય, ઓલઇ ઓલ સુરંગત,
જુમન લીધું તેહ તણુ એ, વાત કહી ચતુરિ મનિ;
મન લાધા વિણ વાતડીય, જે કવિ કહઇ અયાણુઉ,
સહં પરાભવં અતિ ઘણાએ, નિશ્ચઇ ગમઇ પરાણુઉ. (૨૪)
સાઢિ પલ્હાણી રાતડીય, રાતડી નીદ્ર ભરિ જામઉં,
આભૂ સાહ તણી ધૂઅઉ, હરી મઝરઇ પ્રાણીઉ;
વાત સુણી ધરિ આવીઉ એ, માઝિમ રયણી જામઉ,
કુમરિ ચડાવી ચાલીઉ એ, સાઢિ ઉપરિ તામઉ. (૨૫)
તીણ રબારી હાકવીય, માંડિઉ કિસિઉ ઉપાયઉ,
આસરાજિ એમું કહીય, દ્રોસ નહિ મુઝ માયઉ;
કટ્ટારી કાઢી કરીયઉ, તિણિ કલપિઉ શરીર તે,
એ અપત્ર કાંઇં આઢવિઉ, આપણુપા ન હી વઇરઉ. (૨૬)
મંત્રીસર ઇમ બોલિઉં એ, ભદ્રિ તુંમ કરિસુ રીસ તે,
એહ વચન મઝ ગુરિ કહિઉં એ, કાંઇ તું છેદીઇ સીસઉ;
તિણિ વયણે તિણુ સાંસહિઉં એ, કૂઅરિ હૂઇ તસુ નારિઉ,
કૂકણ દેસી જવ ગયા એ, નાવી વાત વિચારિઉ. (૨૭)
અનુક્રમી બેટી સાત તસુ, જાહઉ માઉ નામ તુ,
સાહૂ ધણદેવી સહીય, સોહ લગઇ અતિ અભિરામઉ;
વઇજલદેવી પદ્મિલીય, સત્ત સોહાસિણિ જાણિઉ,
તુ મનિ માતા ચીતવઇ, ધર્મહ કીધી હાણિઉ. (૨૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇમિ કરતાં પુત્ર જાઇઉ એ, પહિલુ **લૂણિગ** સાહઉ,
તીણુ વારિ હરખ્યાં ઘણું, ઘરિ માડિ ઉછાહઉ;
બીજઉ બેટઉ જાઇઉએ, **માલદેવ** ગુણસાર તે,
રૂવ અનંગહ આગલુ એ, જાણઇ સયલ સંસારઉ. (૨૯)
આલ કાલ જગ દેખતાં એ, પહુતા બે પરલોકિઉ,
માડી ગાઢઇ અતિઘણું એ, રોઇ તેહન સોકિઉ;
આસરાજ ઇણપરિ ભણઇ એ, મુરખિ તુમ મ ઝુરિઉ,
હૂં જાઈ વળી પૂછિસું એ, સહિ ગુર **હરિભદ્રસૂરિઉ**. (૩૦)
ઇમ કહી વલી આવીઉ એ, બઇઠઉ ગણધર પાસિઉ,
ભગવન બેટા તમ્હે કહિયા એ, લાધા મનિ ઉલ્હાસિઉ;
ઘરિ ન રહિયા કારણ કિસ્યુ એ, જોઉ કરીય પસાઉ,
તુ સહિ ગુરુ જ્ઞાનિસું કહઇ એ, મ ધરિસુ ચિત્ત વિષાદઉ. (૩૧)
મેલ્હી **કૂંકણ** દેસડઉ એ, **ગૂજરિ** જવ આવેસિઉ;
પુહુવિસુ પુરિ **ધવલકઇ** એ, તુ બેટા પામેસિઉ,
તિણુ વારિ મનિ હરખીઉ એ, છાંડિઉં કૂંકણ દેસઉ;
કુંટુંબ સરીસુ આવીઉ એ, કીધઉ **ધવલકઇ** પ્રવેશઉ. (૩૨)
તિહાં આવ્યાં પુત્ર જાઇઓ એ, મોટઇ મનિ ઉછાહિઉ,
વાસૂ કીધ વધામણાં એ, **ધુલકા** નયર માંહિઉ;
વસ્તિગ નામ પ્રતિષ્ઠીઉ એ, વાધઇ તે સુકમાલઉ,
બીજઉ બેટઉ જાઇઉ એ, નામ દીધું **તેજપાલઉં**. (૩૩)

વસ્તુ

સાહ **આભૂ** સાહ **આભૂ** તણઇ એક ધૂઅ,
નામિ **કૂઅરાદેવી** તસ, **આસરાજિ** પરણીય આણીય,
સત્યસીલ ગુણ અલંકરી, રૂપવંતિ સઘલે વખાણીય,
આણૂ કરી કૂકણિ ગઇએ, કી જાઇ બેટી સાત,
બિ બેટા તસ ઉપના, હિવ હૂઈ રૂડી વાત. (૩૪)
શસિહર સૂર સમાણ બે અ, તેજે દીપંતાં,
વાધઇ સુરતર તેમ બેઉ, દિણુ દિણુ જયવંતા;
વસ્તુપાલ પરણાવીઉ એ, સુલલિત **લલતાદે**,
તેજપાલ ધરિ અતિસુ નારિ નામિ **અણુપમદે**. (૩૫)
પૂરવ પુણ્યપ્રભા વિસ્તરિ, સુખ વિલસઇ બેઇ,
ધણુ કણુ કંચણુ ધણુ હૂઆ એ, વઇરી નવિ કોઇ;
વીરધવલ તિહાં રાજ કરઇ, **વાઘેલું** રાણુ,
અરીયણુ ગયઘટ ભંજણુ એ, કરિ સીહ સમાણુ. (૩૬)
અંન્ન (અન્ય) દિવસ તિણિ રાઉ તેડી, મંત્રીસર થાપ્યા,
બે બંધવ પહેરાવીઆ એ, બહૂ ગાસ જિ આપ્યા;
વસ્તપાલ તવ બોલીઉ એ, સુણિ નરવર સાચું,
લાખ દ્રવ્ય છઇ અમ્હ કન્હઇ એ, નહી કૂડ કાચું. (૩૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જવ તૂં રૂસઇ નરવરંદ, તવ એ તું રાખે,
લાભ ઇમિ હુડઇ ભાખીઉં એ, સવિહુ જણુ સાખે;
રાજનીતિ એાલી ખરી એ, ન બિહૂઉ ગમારો,
સૂચણુહ લેાક આનંદીઉ એ, હરિખિઉ પરિવારો. (૩૮)
ખંભનયરિ ગઇઉ **વસ્તુપાલ**, બલિ ધણુઇ અપારો,
સૈનદ નામિ **નેાડઉં** વસઇ એ, નવિ કરઇ જુહારો;
તસુ ઉપરિ મંત્રી કેાપીઉ એ, **શ્રીવસ્તુપાલેા**,
જાણેકરિ જમ રૂસવિઉ એ, એ ખૂટઉ કાલેા. (૩૯)
નેાડાનઇ મિત્ર **સા**ખૂઉ એ, છઈ અતિ હિ પ્રચંડેા,
ઉલગ ન કરઇ કહિ તણી એ, નવિ આપઇ દંડેા;
ભારીય વાસ પચાસની એ, મૂસલ મૂહિ પૂરઈ,
એકઈં ધાઇં આહાણીઉ એ, તે સહૂઇ ચૂરઇ. (૪૦)
પહિલઈ ઝૂઝિ પાડીઉ એ, જે દેસ વદીઉ'
લીધીય લક્ષ્મી તેહતણી એ, **નેાડ** પણિ જીઉ;
વાર છત્રીસ ઇણીપરિ એ, વઇરી દલ ભાગાં,
ચેાર ચરડ નઇ ખૂટ ખરડ, તેહુ બલ ગાંન્યાં. (૪૧)
વીરધવલ તવ માનીઉ એ, અતિધણુ અધિકેરુ,
હિવ મંત્રીસ્વર ચીતવઇ, પુણ્ય કરિસુ નવેરુ. (૪૨)

વસ્તુ

સૂર શશિહર સૂર શશિહર, તણુઇ આકારિ,
એ બંધવ પરણાવિયા, બેઉ નારિ ઇતિ સુભગ સુંદર,
એ મંત્રીસર થાપીયા, બહુઅ ધણી લછિ મંદિરિ;
એ પણુ ઝૂઝિ આગલા, જીઉ ખંડેરુ રાઉ,
મંત્રીસ્વર મનિ ઉપનું, ધમ્મહ ઉપરિ ભાવ. (૪૩)

હિવ સંખ્યા—

અઇઆ પંચસઇ એ સહસપ્રસાદ, **વસ્તગે** જૈન કરાવીયા એ,
બિંબહ એ લાખ સવાઉ, બિહું બંધવિ ભરાવીયા એ;
પેાસાહ એ સાતસઇં, નવ ચુરાસી (૯૮૪) વલી આગલીય,
સાતસઇં એ સત્રાકાર, લેખકશાલા તેતલીય,
દુન્નિસઇ એ ગરૂઅ તલાવ, ગઢ બત્રીસ કરાવીયા એ. (૪૪)
તેારણ એ વર સઇં ચ્યારિ, એકવીસ સુરપદ ઠાવીયા એ,
પાંચસઇ વેદ ભણુંતિ, એક સહસ્સ વર્ષાસણુ એ;
પાંચસઇં એ આગલાં પાંચ, સમેાસરણ જાદર તણું એ,
પાંચસઇં એ સિંઘાસણુ, સહસ્સપાટ આસણુતણું એ. (૪૫)
ચુસઠી એ તુરકમસીત, સાતસઇ મઠ તપસીતણું એ,
મુણિવરૂ એ સઇં પાંત્રીસ, નિતુ વહુરઇ **વસ્તગિ** તણુઇ એ;
વીસ સઇ એ સઇં વલિ પાંચ, ભવણ મહેસરઇં ભણુઇ એ,
વરસહ એ માંહિ ચ્યાહિ, વાર સંઘપૂજ કાપડ દીઇ એ (૪૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કંચણુહ એ કુંભ ચુવીસ, વાસકૂપા વહિરાવીયા એ,
કાપડી એ જિમણુ લહંતિ, એક સહસ્ર નિત આવીઆ એ;
ચ્યારિ સઇ એ ચુસઠિ વાવિ, સાતસઇ કૂપ અણાવીયા એ,
પરવહ એ સઇ નિતુ ચ્યારિ, પાણીય તરસ્યાં પાઇ (યા) એ. (૪૭)
એક સુ એ નયર સમૃદ્ધ, જિણવર નામિ ગાઇએ,
સેત્રુંજી એ સાઢી આર, જાત્ર કીધી રેવંતિ વલી ય;
પહિલી એ જાત્રઇ એહ, મઇ સંખ્યા ઇમિ સાંભલીય,
દેવહ એ તણા પ્રસાદ, એકસુ સાથિ ચલાવીયા એ. (૪૮)
ચ્યારિ એ રાય સુરંગ, પાયક તિહાં સાથિ કીયા એ,
સીકિરી એ સઇ ઉગણીસ, ધયદંડ ગ્રહીય ન ગહિગહિ એ;
ચ્યારઇ એ સહસ્ર તુરંગ, રંગિહિ ચાલઇ નરવલંબ,
ચાહિણાં એ સહસ્ર અઢાર, પાલખી પુણિ પાંચસઇ એ. (૪૯)
ક્ષિપનક એ સઇ અગ્યાર, સહત્રિ ગાયન ગહગહિ એ,
ચ્યારઇ એ સહસઈ પાંચ, સેજવાલાં સાથિ કીયાં એ;
ત્રાંબમઇ એ ચરૂઅ તલાવ અપાર, પાર ન લાંભઇ દીવીયાં એ,
દુનિસઇ એ નઈ વલી ત્રીસ, દાંત તણા રથ નહી મણા એ. (૫૦)
ગણધર એ સાતસઇ જાણિ, ત્રીસ સઇ શિષ્ય તીહ તણા એ,
ભાટઇ એ સઇ બાંત્રીસ, એક સહસ્ર વલી સૂત્રધાર;
વારણ એ દસઈ કૂંતિ, દસઇ સાથિ લોહકાર,
પોડીયા એ સહસ્ર બે જાણિ, ઊટ સઈ સાત સાથિ ભલાં એ. (૫૧)
પુટક દી એ સંખ્ય ન પાર, સાત લાખ માણસ મિલ્યા એ,
ખજ્જક એ મોદક જાણિ, કંદોઈ શતકે વલૂ એ;
નાન્હડા એ લોક અપાર, ચાલતા દીસઇ એવલા એ,
એતલુ એ સિંઘ ચાલંતિ, મેર મહીધર ખલભલઇ એ. (૫૨)
પુહુચી એ પોઢઇ પ્રાણિ, સાયરે સઘલે ઝલહલઇ એ,
ઝાંપીઉ એ ખેહડી સૂર, કાંપીઉ વીસગ નાગલોક;
ચલીઉ એ ઇંદ્રણ ઠાણ, જાણુ કીધું બાર દેવલોક,
આવીઉ એ **સેત્રુજિ** ઠાણિ સંઘ, **આદિજિણંદ** જુહારી એ. (૫૩)
ભેટીઉણ તિહૂઅણિ નાહઉ, પાતક સવિ હારીયા એ,
જિણવર એ કરહ સનાત્ર, નાન્હાં મોટાં ઉમાહીઉ એ;
એવડૂ એ પાણીય પૂર, જલનિહિ સઘલું સાહીઉં એ. (૫૪)
પૂજીઉ એ પદ્મ જિણંદ, તિથ જુહારઈ ફરિ ફરીય;
ચાલીઉ એ ગઢ **ગિરનાર**, **નેમિ** જિણેસર મનિ ધરીયા. (૫૫)

વસ્તુ

મંત્રિ **વસ્તગ** મંત્રિ **વસ્તગ**, અનઈ **તેજપાલ**,
બે બંધવ સુરકમ્મીય, જિણહ બિંબપ્રાસાદ કારીય,
ગઢમઢ મંદિર અનઈ સુર, ઠામિઠામિ વાહી અ વારીય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનભંડાર ભરાવીયા, ભરીયા સુકૃત ભંડાર,
અવ(૨) તિત્થ વલિ ઉધર્યા, તીહ ન લાભઈ પાર. (૫૬)
જંમ **વસ્તિગ** જમ **વસ્તિગ**, જત્ર ચાલંતિ,
તા સાયર સવિ ઝલહલ્યાં, ખેહ ભરિ આકાશ છાહિઉ;
નાગરાજ મનિ કમકમિઉ, કિસિઉં આજ એ પ્રીય આઈઉ,
લછીઉં મણુ દૂમણી, જાણિઉ સમુદ્ધ તું કાઈ,
સંઘવી **સેત્રુજિ** જવ ગઈઉ, તવ સુલીયાઇ તથાઈ. (૫૭)
ભવિહિ ભગતિ પૂજ કરેઇ, સાવયજન મનતણૂ ફલ લેઇ;
સેત્રુજિ વચી વિત્ત અપાર, છનુ લાખ કોડિ ભંડાર. (૫૮)
સત્ત સોહાસણિ તિલખુ તોરણ, નેમિ ભૂઅણિ વીર સરગારોહણ;
થંભણ પાસ તણુ અવતારો, થાપીય મનિ ચિંતઈ ગિરનારો. (૫૯)
અસીય લાખ દ્રવ્ય બારઈ કોડિ, વેચીય નમે નમી કર જોડી;
કલ્યાણ ત્રય આદિ વિહારો, તિહિ થાપી સેત્રુજ અવતારો. (૬૦)
તીહ અષ્ટાપદ દીસઇ, ડાવ ઇશરિ સમેત નમીસિઇ;
ત્રિપ્પન્ન લાખ વલી બારહ કોડિ, નેમિ ભૂઅણિ તોઇ બારહ કોડિ. (૬૧)
આદિ વિહાર પીતલ અચલેસો, **આબુ** ઉપરિ કીઉ નવેસો;
જ્ઞાનિર્વચીય કોડિ અઢારો, પુસ્તકિ ભરિયા ત્રિણિ ભંડારો. (૬૨)
અવર સ્થાનક સંખ્યા નવિ જાણું, એકઈ જીભઈ કીમ વખાણું;
ત્રિણિ કોડિસઈ ત્રિહુન્નિરિ કોડિ, અસીય લાખ સોવંનહ જોડિએ. (૬૩)
એઉ દ્રવ્ય એવંકારઇ, વેચીય ભરીયા પુણ્ય ભંડાર;
એ સહુ વરસ અઢારહ માંહે, ધર્મ્મ કર્મ્મ કીધાં મન ઉછાહે. (૬૪)
લાછિ તણું ઇમિ લાહુ લેઇ, દેવલોકિ તે પહુતા જેઇ;
મન આણંદિ હિ રાસ રમીજઈ, તુ મનવંછિત સહુય સીઝઈ. (૬૫)
જીણઈ એહ રાસ સાંભલીઉ, જાણે તિહ ઘરિ સુરતર ફલીઉ;
પાસચંદ્રસૂરિ ગુરુ ઇમ બોલંતે, ભણઈ ગુણઇ તે સુખ લહંતે. (૬૬)

ઇતિ **વસ્તુપાલ-તેજપાલ રાસ સમાપ્ત**.

નોંધ—પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજની પાસેની ત્રણ પત્રવાળી એક હસ્તલિખિત પ્રત જે અત્યંત જૂની હતી, તેમાં વસ્તુપાલ-તેજપાલ રાસ, વિમળમંત્રી રાસ અને શ્રીસ્થૂલિભદ્ર ફાગ જેવું છે. તેમાં પહેલો સંપૂર્ણ હતો તે ઉતારીને અહીં આપ્યો છે. બીજો વિમલમંત્રીનો રાસ શરૂ થયા પછીનું પાનું ત્રીજુ મળી શકયું નથી અને ચોથા પાનામાં વિમલમંત્રી રાસ સંપૂર્ણ કડી ૩૨ એમ લખાએલું જણાય છે અને પછી સ્થૂલિભદ્ર ફાગ શરૂ થયો છે તે પણ અધૂરો છે.

આના કર્તા પાસચંદ્રસૂરિ જો પાયચંદ ગચ્છ સ્થાપક હોય તો તેમનો જન્મ સં. ૧૫૩૭ના ચૈત્રસુદિ ૬ને શુક્રવારે હમીરગઢમાં થયો હતો ને સ્વર્વાસ સં. ૧૬૧૨ના માગસર સુદિ ૩ના રોજ થયો છે. એટલે આ કૃતિ લગભગ ચારસો વર્ષની જૂની કહી શકાય. આ કૃતિમાં મુખ્યત્વે વસ્તુપાલ-તેજપાલનાં ધર્મકાર્યોની જ નોંધ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कुछ शब्दों पर विचार

लेखकः—**श्रीमान् मूलराजजी जैन**, M. A., LL. B.

[प्रिन्सीपाल—**श्री आत्मानंद जैन कालेज अंबाला सीटी**]

जैन साहित्यमें संस्कृत प्राकृतके अनेक ऐसे शब्द मिलते हैं जिनके अर्थ अथवा व्युत्पति पर विचार करनेकी आवश्यकता है। उनमेंसे तीन शब्द पर यहां विचार किया जावेगा।

१. अर्धमा० बुसिमं, बुसीमंत, बुसीमओ.

इस शब्दका प्रयोग सूत्रकृताङ्ग और उत्तराध्ययनमें कई स्थलों पर हुआ है। जैसे—एस धम्मे बुसीमओ सूत्र० १, ८, १९; १, ११, १५; १, १५, ४. उत्तर० ५, १८ इत्यादि। टीकाकारोंने इसका अर्थ "वश्यवत्" किया है अर्थात् इन्द्रियोंको वशमें रखनेवाला, साधु, मुनि।

यहां अर्थ तो सुसंगत है पर व्युत्पत्ति ठीक नहीं। यदि "व्यवसायवत्" या "व्यवसिन्" अर्थ करें, तब भी यही आपत्ति आती है।

"बुसीमंत"—का संस्कृत रूप "बृसीमत्" है। बृसी शब्द श्रौतसूत्रोंमें मिलता है, इसका अर्थ है कुशा आदिका बना हुआ ब्रह्मचारियोंका आसन। 'बृसीमत्' का अर्थ हुआ ब्रह्मचारी, मुनि, साधु। सेठ हरगोविन्ददासने अपने 'पाइयसद्दमहण्णवो' में यही व्युत्पत्ति दी है।

टीकाकारोंके वश्यवत्, व्यवसिन् आदि अर्थसे सिद्ध होता है कि जैन साधुओंमें वैदिक साहित्यके पठनपाठनकी परिपाटी नहीं थी। इसी लिये जैन भंडारोंसे संहिता, ब्राह्मण, श्रौतसूत्र आदि ग्रन्थ नहीं मिले हैं। बृसी शब्दका प्रयोग प्राचीन संस्कृतमें पाया जाता है। अर्वाचीन संस्कृतमें नहीं मिलता।

२. जैन माहा० सग

संग्रहणी आदि ग्रन्थोंमें जहां संख्याओंका अधिक काम पड़ता है, सातके लिये नियमित 'सत्त' के अतिरिक्त 'सग' शब्द भी आता है। यह शब्द चन्द्र, नेत्र, गुण, गति आदिकी भांति कविसमय नहीं है। इसका मूल 'सप्त' ही है, परंतु इग, दुग, तिगकी समानतासे सग बन गया है। 'क' प्रत्यय लगनेसे 'सत्तग' होना चाहिये था जो लाघवके कारण सग बन गया। विधिमार्गप्रपा (बंबई, सं० १९९७) पृ० २८ पर इग, दुग, तिग, पणग, छग, सत्तग सत्तड सग, दसग रूप मिलते हैं। चारके लिये चउ, चउक्क ही मिले

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

हैं, चुग या चउग अभीतक देखनेमें नहीं आए, शायद कहीं अन्यत्र मिलते हों।

३. संस्कृत मुत्कलाप्य

पहलेपहल जैनसाहित्य प्राकृतमें रचा गया। कुछ कालके बाद जैनाचार्य संस्कृतमें भी ग्रन्थ रचने लगे। संस्कृतका सबसे प्राचीन जैन ग्रन्थ जो अब मिलता है, उमास्वातिकृत तत्त्वार्थाधिगमसूत्र है। चूंकि जैनसाहित्यकी प्रधान भाषा प्राकृत थी और जैन लेखक प्राकृतके विद्वान होते थे, इस लिये उनकी संस्कृत रचनामें, विशेषकर लोकप्रिय कथा कथानकोंमें प्राकृतके अनेक शब्द संस्कृत जैसे बनाकर प्रयुक्त किये गये हैं। अजैन पण्डित इन शब्दोंसे अपरिचित होते थे। जिन जैन ग्रन्थोंका अजैनोंने संपादन किया, उन्होंने ऐसे शब्दोंको अशुद्ध समझकर शुद्ध करनेकी निष्फल चेष्टा की है। 'मुत्कलाप्य' इसका उदाहरण है।

मुत्कलाप्य शब्द पञ्चतन्त्र, वेतालपञ्चविंशति, कथाकोष आदि ग्रन्थों प्रचुरतासे मिलता है। इसके पूर्व प्रायः द्वितीया विभक्त्यन्त गुरुं, पितरं, मातरं आदि शब्द होते हैं। इसका अर्थ है गुरु आदिकी आज्ञा लेकर प्रस्थान करना। अजैन संपादकोंके हाथमें इस शब्दने कई रूप धारण किये। किसीने उसे उत्कलाप्य बनाया, किसीने उत्कलाप्य। पूर्ववर्ती शब्दके अनुस्वारको निरर्थक समझकर मुत्कलाप्यको ०म् + उत्कलाप्य मान लिया। लाहौरसे सन् १९४२में प्रकाशित कथाकोषके संपादकने पृष्ठ ६ पर मुत्कलाप्य पाठ रक्खा है। व्युत्पत्ति करते समय किसीने इसे उद् पूर्वक कल् धातुका णिजन्तरूप माना, किसीने उत्कलापसे निकाला अर्थात् कलाप (पक्षों) को फैलाते हुए मोरकी तरह प्रसन्न हो कर। चित्रसेनपद्मावतीचरित्र (लाहौर, १९४२) श्लोक ३१५ में मुत्कलापयति रूप मिलता है।

वास्तवमें यह शब्द प्राकृत मुक्कलसे बना है जिसका अर्थ है 'छूटा हुआ'। मुक्कल=संस्कृत मुक्त+ल प्रत्यय। फिर मुक्कलसे नाम धातु बना मुक्कलावेइ 'छुट्टी लेना, छुट्टी पाना'। इससे फिर संस्कृतमें मुत्कलापयति रूप बनाया गया।

यह शब्द अब तक देशी भाषाओंमें मिलता है। जैसे—गुजराती 'मोकलवुं'; हिन्दी पञ्जाबी 'मुकलावा' अर्थात् विवाहके पश्चात् वधूका वरके घरमें लाया जाना। 'मोकला'=मुक्त।

विस्तृत विवेचनके लिये देखिये—'न्यू इन्डियन एन्टिक्वरी,' प्रथम खण्ड, पृ० ३४२–३।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવી મદદ

૨૫) પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી ઇડરથી શેઠ શ્રીસાંકળચંદ ડુંગરશીભાઇ તરફથી શ્રીમતી કાંતાબેન તથા રેવાબેનની દીક્ષા નિમિત્તે આભારપૂર્વક મળ્યા છે.

સ્વીકાર

भारतीय संपादन शास्त्र–લેખક શ્રીમાન્ મૂલરાજ જૈન, પ્રકાશક–જૈન વિદ્યા ભવન, કૃષ્ણ નગર, લાહૌર, પૃષ્ઠસંખ્યા ૭૦.

(લાહૌરની ઓરીયેન્ટલ કૉલેજના મેગેઝીનમાં છપાયેલ લેખની નકલ)

કાગળના અસાધારણ ભાવો

'શ્રી જૈન સત્ય પ્રકાશ' જેના ઉપર છપાય છે તે કાગળોનો ભાવ લડાઇ શરૂ થઈ તે પહેલાં સાડાત્રણ આને રતલનો હતો. લડાઈના બે વર્ષ પછી આ ભાવ સાત–આઠ આને રતલનો થયો હતો. ગઈ દિવાળી પહેલાં બે ભાવ બાર–તેર આને રતલ જેટલો વધી ગયો હતો. અને અત્યારે બે ભાવ વધીને બે રૂપિયે રતલનો થઈ ગયો છે. એટલે મૂળ ભાવથી અત્યારે લગભગ આઠ–નવગણા ભાવ થઇ ગયા છે. આમ છતાં અમે 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નું લવાજમ વધાર્યું નથી, અને હાલમાં બે વધારવાનો અમારો ઇરાદો પણ નથી.

પણ આ રીતે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' આપવું અમે ચાલુ રાખી શકીએ તે માટે સમિતિને વધુ મદદ મોકલવાની અમે સૌને વિનંતી કરીએ છીએ.

વ્યવસ્થાપક

સૂચના

આ અંકની જેમ આવતો અંક પણ વળતસર ૧૫મી તારીખે પ્રગટ કરવાની ઇચ્છા છે. આમ છતાં અત્યારના અનિશ્ચિત સંયોગોના કારણે અંક પ્રગટ કરવામાં વિલંબ થાય તો તે ચલાવી લેવા અને પત્ર લખીને તપાસ નહીં કરવા વાચકોને વિનંતી છે.

વ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીનાં જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) શ્રી પર્યુષણ પર્વ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૨૦૦૦ વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય એક રૂપિયો.

(૩) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૨૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક : મૂલ્ય સવા રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજી, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપીયા, પાકીના અઢી રૂપીયા (ટપાલખર્ચ સાથે)

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
ઝવેરીંગભાઇની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

For Private And Personal Use Only